યમુના મધુરા વીચી મધુરા ।
સલિલં મધુરં કમલં મધુરં,
મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૬॥
ગોપી મધુરા લીલા મધુરા,
યુક્તં મધુરં મુક્તં મધુરમ્ ।
દૃષ્ટં મધુરં શિષ્ટં મધુરં,
મધુરાધિપતે રખિલં મધુરમ્ ॥૭॥
ગોપા મધુરા ગાવો મધુરા,
યષ્ટિ-ર્મધુરા-સૃષ્ટિ-ર્મધુરા ।
દલિતં મધુરં ફલિતં મધુરં,
મધુરાધિપતે-રખિલં મધુરમ્ ॥૮॥

॥ ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતં મધુરાષ્ટકં સમાપ્તમ્ ॥

卐 શ્રી વલ્લભાખ્યાન અને મૂલ પુરુષ 卐

卐 શ્રી વલ્લભાખ્યાન પહેલું 卐

રાગ-કેદારો

વંદું શ્રી વિઠ્ઠલવર સુંદર, નવ ઘન શ્યામ તમાલ;
જગતી તલ ઉદ્ધાર કરેવા, પ્રગટ્યા પરમ દયાલ. ૧
શ્રી પુરુષોત્તમ સ્વતંત્ર ક્રીડા, લીલા દ્વિજ-તનુ ધારી;
સાત દિવસ ગિરિવર કર ધાર્યો, વાસવ વૃષ્ટિ નિવારી. ૨
તે પ્રગટ્યાનું કારણ કહીએ, જો સુરતા મન આણો;
કરો કૃપા હું કરું વિનંતિ, પોતાનો કરી જાણો. ૩
વ્યાપક રૂપ અદ્વૈત બ્રહ્મ જે, તેજોમય કહેવાય;
આર્યપંથ અધિકારી મુનિજન, તે માંહે લય થાય. ૪
અક્ષર આદિ અખંડ અનુપમ, ઉપમા કહી નવ જાય;
અસ્તિ-વસ્તુ સહુકો મળી બોલે, નિગમ નેતિ-નેતિ ગાય. ૫
નિર્ગુણનો નિર્દેશ અટપટો, રસના શી પેરે કહીએ ?
રૂપ, વર્ણ, વપુ દૃષ્ટ પદારથ, ત્યાં એકો નવ લહીએ. ૬

તેહ થકી, પુરુષોત્તમ અળગા, લીલા અચલ વિહાર;
બ્રહ્મ જ્ઞાની ને મુક્તિ મારગી, સ્વપ્ને નહિ વ્યવહાર. ૭
જ્યાં શ્રીવૃંદાવન આદિ અચલ શશિ, શરદ રેણ બહુ વેશ;
વનદેવી પદ કુમકુમ મુખ સુખ, પરસે રંગ વિશેષ. ૮
જ્યાં સરિતા ચામીકર મણિ ગણ, ઉભય બદ્ધ સોપાન;
કમલ, કુમુદ, નાના અલિ સુંદર, મધુર કરે ત્યાં ગાન. ૯
કનકલતા, માલતી, મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ;
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ. ૧૦
પદ્મરાગ, મરકત મણિ, સ્ફાટિક, શ્રી ગોવર્ધન સોહે;
બ્રહ્મા રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રી હરિનાં મન મોહે. ૧૧
નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહિ પાર;
વિવિધ પ્રકારે જૂજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર. ૧૨
શ્યામા શતદલ નયન સુંદરી, જુથ તણો નહિ પાર;
અનેક રાસ મંડલરચના રચી, ખેલે શ્રીનંદકુમાર. ૧૩
એણી પેરે નિત્ય નવલી લીલા, ઘોષ વાદ્ય ઝંકાર;
અંગ-સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર. ૧૪

એ પ્રભુને મન ઈચ્છા ઉપની, યશ થાવા વિસ્તાર;
અધિકારી પાખે એ વાણી, નહિ કોને ઉચ્ચાર. ૧૫
ભ્રુભંગેથી સૃષ્ટિ નીપની, અતિ સુંદર બ્રહ્માંડ;
ચૌદ લોક નાના વૈચિત્ર્યે, ભૂમંડલ નવખંડ. ૧૬
પર, પોતાની વ્યક્તિ કરેવા, સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર;
દૈવી-આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર. ૧૭
ભક્તિ સુંદરી ને માયા દાસી, બે મૂરત પ્રગટાવી;
તેમાં પહેલી નખશિખ સુભગા, શ્રીહરિને મન ભાવી. ૧૮
કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં, ઉપન્યા સત્ત્વ અનંત;
ભક્તિ લીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત. ૧૯
બીજી કટાક્ષે જે જન ઉપન્યા, માયામાં થયા લીન;
કર્મજડ આસુર અન્ય ઉપાસક, ભજન ધર્મથી હીન. ૨૦
એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધા ગુણ, મિશ્રિત ચાલી જાય;
ભક્તિ મારગી જીવ સ્વતંત્ર, કેવલ ભક્ત ન થાય. ૨૧
શ્રી પુરુષોત્તમે વળી વિચાર્યું, હવે પ્રકાર શો કરીએ;
મારી સેવા અને કથા રસ, નિરૂપવા તનુ ધરીએ. ૨૨

ભક્ત જીવનાં ભાગ્ય વિસ્તાર્યાં, ઈચ્છા કરી હરિ સાર;
તેણે હેતે આપો પેં પ્રગટ્યા, શ્રી વલ્લભરાજ કુમાર. ૨૩
પૂર્ણબ્રહ્મ શ્રીલક્ષ્મણ-સુત, પુરુષોત્તમ શ્રી વિઠ્ઠલનાથ;
શ્રી ગોકુલમાં પ્રગટ પધાર્યા, સ્વજન કીધાં સનાથ. ૨૪

વંદું શ્રી વિઠ્ઠલવર સુંદર, નવ ઘન શ્યામ તમાલ;
જગતી તલ ઉદ્ધાર કરેવા, પ્રગટ્યા પરમ દયાલ. ૧

卐 શ્રી વલ્લભાખ્યાન-બીજું 卐

રામ-રામકલી

લક્ષ્મણસુત શ્રી વલ્લભરાયજી,
સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી;
કલિજન તરવા નહિ અવર ઉપાયજી.
યજ્ઞ પુરુષ હરિના શ્રુતિ ગુણ ગાયજી. ૧
ગાય શ્રુતિ ગુણ-રૂપ અહર્નિશ, ધરી ધ્યાન વિચાર;
આનંદરૂપ, અનુપમ, સુંદર, પામે નહિ કોઈ પાર. ૨
પ્રાણ પતિ-પ્રાગટ્ય કારણ, કાંઈક કહું મતિ મંદ;
હર, સુર, વિધાતા, નવ લહે, સાક્ષાત્ બ્રહ્માનંદ. ૩

શ્રી વૃંદાવન-ચંદ મુખ રુચિ, અગ્નિ તે અવતાર;
દ્વિજતિલક ત્રિભુવન, નામ-નિરૂપમ, રૂપ અંગીકાર. ૪
દેવલોક દુંદુભિ વાગિયાં, આનંદ કરે રે નિશંક;
અસુર તિમિર ઉચ્છેદવા, ભુવિ વલ્લભદેવ મયંક. ૫
પૂર્ણ પુરુષ પ્રમાણ પંથા, વ્યાખ્યાતા વેદાંત;
ગ્રંથ સર્વે રસરૂપ કીધા, પોતાને સિદ્ધાંત. ૬
રસિક રસના રસિક વાણી, જાણી નર નવ ખંડ;
ઊર્ધ્વ પંથે સુયશ પ્રસર્યો, વાધિયો બ્રહ્માંડ. ૭
એક બ્રહ્માંડે જેના જશ ન માયા, તેના હુવા કોટિ અનંત;
તોય ત્યાં થકી વાધિયો, જઈ વસ્યો મુખ ધીમંત. ૮
અતુલ અમલ ઉદ્યોત ઉદયો, ભૂતલ દ્વિજ માર્તંડ;
ભક્તિ મારગ-કેસરી, ગજ-માયિક-મત શતખંડ. ૯
દિગ્વિજય દશ દિશાએ કીધો, પરિક્રમાને વ્યાજ;
તીર્થ સકલ સનાથ કીધાં, ચરણરેણુ-સમાજ. ૧૦
પત્રાવલંબે પંડિત જીત્યા, માયિક-મત્ત-માતંગ;
શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા, જેનાં રૂપ કોટિ અનંગ. ૧૧

સ્વ મારગ સ્થિર સ્થાપવા, આપવા ભજનાનંદ;
નામ આપ્યાં જીવને, શુભ મિષ્ટ મુખ-મકરંદ. ૧૨
અનેક જીવને કૃપા કરવા, દેશાંતર પ્રવેશ;
કોમલ પદ જ્યાં કમલ વિલસે, ધન્ય કહું તે દેશ. ૧૩
અંગ, બંગ, કલિંગ, કેકટ, મગધ, મરુ, સૂર, સિંધ;
તે તામસનાં અઘ હર્યાં, પરતાપ પદ રજ-ગંધ. ૧૪
કનક સ્નાન શતમણ સુવર્ણે, કરાવ્યું મહિપાળ;
તે મુકી વેગે ચાલિયા, રાય દૃષ્ટિ ન પાછી વાળ. ૧૫
ત્યાંથી દક્ષિણ પાંઉ ધારિયા, પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથ;
નેત્ર મળતાં વાતકીધી, વચન દીધું હાથ. ૧૬
વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રીવલ્લભજી શું વાત;
અમને તે ઈચ્છા એહ છે જે, હું નંદ ને તમે તાત. ૧૭
તે પુરુષોત્તમ પ્રગટશે, શ્રી વિઠ્ઠલ રૂપ - નિધાન;
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભક્તને સન્માન. ૧૮
ત્યાંથી વૃંદાવન પાંઉ ધારિયા, જ્યાં મધુપ કરે ઝંકાર;
કુસુમ દ્રુમ નવ મલ્લિકા, મકરંદનો નહિ પાર. ૧૯

તરુ તમાલ અતિ શોભતાં, હેમ જુથિકા સંઘોડ;
લલના તે સુભગા લટકતાં, હીંડે તે મોડા મોડ. ૨૦
તાન ધુનિ મુનિ મયૂર રૂપે, સાંભળે ધરી ધ્યાન;
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુ પાન. ૨૧
કુંજ સદન સોહામણાં, શોભા તણો નહિ પાર;
વિવિધ રાસ મંડલ રચના રચી, ખેલે શ્રી નંદકુમાર. ૨૨
રંગે તે રમતા દીઠડા, બલદેવ શ્રી ગોવિંદ;
તે પુત્ર ભાવે પ્રકટશે, મન ઉપન્યો આનંદ. ૨૩
બલદેવ શ્રી ગોપીનાથ કહીયે, શ્રી વિઠ્ઠલ નંદાનંદ;
તે વેદ પંથ વિસ્તારશે, જન આપશે આનંદ. ૨૪
ત્યાંથી કેશી ઘાટ પાંઉ ધારિયા, કહી કથા તત્ત્વ સમાધિ;
રસ પુંજ પુરુષોત્તમ પ્રમાણ્યા, સરસ્વતી તજી આધિ. ૨૫
ગિરિરાજને આશ્વાસ દીધો, ધરી કોમલ ચરણ;
હરખે તે સામા આવિયા, શ્રી ગોવર્ધન ઉદ્ધરણ. ૨૬
હળી મળીને ચાલિયા, ચરણાટ જ્યાં નિજધામ;
નવરંગ નાગર પ્રગટિયા, મન પૂરવા બહુ કામ. ૨૭

તત્ત્વ સંખ્યાયે કહ્યાં પદ, સાર માંહે સાર;
હવે કાંઈ એક સ્તુતિ કરું, શ્રી વલ્લભરાજ કુમાર. ૨૮

લક્ષ્મણસુત શ્રી વલ્લભરાયજી,
સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી;
કલિજન તરવા નહિ અવર ઉપાયજી.
યજ્ઞ પુરુષ હરિના શ્રુતિ ગુણ ગાયજી. ૧

卐 શ્રી વલ્લભાખ્યાન ત્રીજું 卐

રાગ-ધનાશ્રી

આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી,
અક્કાજી ઉર ઉપન્યો આનંદ;
આ ચંદ શ્રી વૃંદાવન તણો પ્રગટિયો. ૧
આ સૌભાગ્ય સુંદરી મળી ધવલ ગાયે,
સુહાયે રૂડા કંઠના નાદ;
આહ્લાદ ઊપન્યો તે અંગોઅંગ ઘણો. ૨
આ સૂતિકા સદન સોહામણું, શોભા રૂડી લહેરડે જાય;
આ વાજિંત્ર વાજે તે સમે તણાં. ૩

આ સર્વસ્વદાન તેણે સમે, કરે રે શ્રી વલ્લભજી ઉદાર;
આ સુકુમાર સુત ઉદયો શ્રવણે સુણી. ૪
આ પાતાળે શેષ નાગ રીઝિયા, ઉપર ઈંદ્રાદિક દેવ;
આ તત ખેવ સુણી નિશાન વજડાવિયાં. ૫
આ સિદ્ધ ગંધર્વ ગુણી અપસરા, ઊલટિયાં નૃત્યને નાદ;
આહ્‌લાદ ભર્યાં શ્રી વલ્લભજીએ માનિયાં. ૬
આ બ્રહ્મા, મહાદેવ, મુનિ હરખિયા, વરખિયા કુસુમ સમૂહ;
આ મોહ ટાળ્યો જગતના જીવનો. ૭
આ નિગમ સામ તે શાખા સહસ્ત્રશું, કરે રે ભલા નિર્ઘોષ;
આ ઘોષપતિ ભગવંત (ભગવદી) ભેટતાં. ૮
આ વેદ વિહિત કૃત્ય સર્વે દીધાં, દીધાં બહુ પેરે ગૌદાન;
આ માનશું સ્વજન સંતોષિયા. ૯
આ કનક કચોળાં કુમકુમ ભર્યાં, અક્ષત દુર્વા ભર્યા રે સુથાળ;
આ માળ પારિજાતની મહમહે. ૧૦
આ તોરણ પર્ણ સહકારનાં, ધરણિયે ચંદન તણાં નીર;
આ વીર શ્રી ગોપીનાથ, શ્રી વિઠ્ઠલ પ્રગટિયા. ૧૧
આ દધિ દૂધ ઘૃત મધુ માંડવે, શેરડિયે વહે રે સુગંધ;

આ સુગંધે મોહ્યા અલિકુલ આવીયા. ૧૨
આ સૂત માગધ સાધુ સર્વે મળ્યા, મળિયા તે માંહો માંહે;
આ ઉત્સાહ ભર્યા કો' કોને જાણે નહીં. ૧૩
આ શુકદેવ સબળ આનંદિયા, વંદિયા શ્રી વલ્લભજીનાં ચરણ;
આ ગિરિરાજધરણ શ્રી ભાગવત મારું નિરખશે. ૧૪
આ સકલ કલા કલિકાલમાં, કલ્પદ્રુમ પ્રગટિયો આજ;
આ કાજ મન વાંછિત પૂરવા. ૧૫
આ તૈલંગ તિલક ત્રિભુવન ધણી, મણિ મરકત ધનવાન;
આ સમાન રૂપ નિરખતાં કોઈ નહીં. ૧૬
આ ગણક ગર્ગાદિક આવિયા, ભાવિયા દિયે રે આશિષ;
આ જગદીશ શ્રીવલ્લભ ઘેર પ્રગટિયા. ૧૭
આ 'ધવલ ધનાશ્રી' ગાન જે કરે, ઉચ્ચરે શ્રી વિઠ્ઠલજી અવતાર;
આ સારસ્વત લીલા તે જન લહે. ૧૮
આ દાસનો દાસ જાય વારણે, બારણે રહ્યો રે ઉત્સવ જુવે;
આ કો' એક ભાગ્યવાન (ભગવદી) તે સમે. ૧૯

આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી,

અક્કાજી ઉર ઉપન્યો આનંદ;
આ ચંદ શ્રી વૃંદાવન તણો પ્રગટિયો. ૧

卐 શ્રી વલ્લભાખ્યાન ચોથું 卐

રાગ-ભૂપ કલ્યાણ

તે પદ વંદું શ્રી વલ્લભનંદજી,
ત્રિભુવન મંગલ પરમાનંદજી;
સકલ જીવનો ટાળ્યો દ્વંદ્વજી,
જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી. ૧

ઢાળ

સુખદ વંદું શ્રી વલ્લભસુતનાં, પાદામ્બુજ સુકુમાર;
નિગમ રહસ્ય વિચાર કીધો, સકલ જન નિસ્તાર. ૨
તે પદ વંદું
બ્રહ્મકુલ હરિ અવતર્યા તે, ટાળવા ભૂમિ ભાર;
શ્રીનાથ વિટ્ઠલ નામ નિરૂપમ, વૃંદાવન શૃંગાર. ૩
તે પદ વંદું
એક રસના કેમ કહું ગુણ, પ્રકટ વિવિધ પ્રકાર;

નિત્ય લીલા નિત્ય નૌતન, શ્રુતિ ન પામે પાર. ૪
તે પદ વંદું
સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે, સાર માંહે સાર;
તત્ત્વ માંહે તત્ત્વ ત્રિભુવન, ભક્તનો આધાર. ૫
તે પદ વંદું
સર્વે અંગોઅંગ રસભર્યાં, રસભર્યાં લોચન ચાર;
ચલણ-વલણે બોધવ્યા, હૃદે ભાવ અનેક પ્રકાર. ૬
તે પદ વંદું
મુખ સુગંધે મોહ્યા અલિ સકલ તે, આવી કરે રે ગુંજાર;
સરસ વચન ઉચ્ચાર માત્રે, સંશયનો પરિહાર. ૭
તે પદ વંદું
નામ-વ્યાજે પ્રગટ કીધો, મુક્તિ શત્રુકાર;
ભુજદંડ-પરસે ભય હર્યા, એવા નાથ આમેત ઉદાર. ૮
તે પદ વંદું
સ્વ સ્વરૂપ-અર્થે પ્રોજ્જિઝયા, કૃત હુતા જે સંસાર;
રાજ-કાજે જોડિયા જન, ઉચ્ચાવચ નરનાર. ૯

તે પદ વંદું
આગળ અંશે પ્રગટિયા તે, ગ્રંથ કહ્યા બહુવાર;
શ્રી યશોદા-ઉત્સંગ-લાલિત, પૂરણ અતિ સુકુમાર. ૧૦
તે પદ વંદું
અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ, નિગમને અનુસાર:
ગિરિરાજ ધરણનો તાપ ટાળ્યો, શ્રી લક્ષ્મણ સુત નિરધાર. ૧૧
તે પદ વંદું
પોતે ન પ્રાગટ્ય પોતા તણો, રસ તણો કર્યો રે ઉચ્ચાર;
પોતે અંગો અંગ સુખદ શોભા, સદન અંગીકાર. ૧૨
તે પદ વંદું
સ્કંધ સંખ્યાએ કહ્યાં પદ, શ્રી ભાગવત રસરાજ;
ભક્ત જન - પદરજ પ્રતાપે, સકલ સરિયાં કાજ. ૧૩
તે પદ વંદું

તે પદ વંદું શ્રી વલ્લભનંદજી,
ત્રિભુવન મંગલ પરમાનંદજી;
સકલ જીવનો ટાળ્યો દ્વંદ્વજી,
જગમાં વ્યાપ્યો સુખ મકરંદજી. ૧

શ્રી વલ્લભાખ્યાન : પાંચમું

રાગ-સામેરી

શ્રી વિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય નર નારી;
દુર્ગતિ સકલ નિવારી,
પ્રગટ્યા શ્રી વ્રજપતિ રાસ વિહારી. ૧
માયિક-મત જેણે ખંડ્યો,
ભક્તિ મારગ જેણે બહુ પેરે મંડ્યો;
ઉત્પથ જન સર્વે દંડ્યો, મૂરખ હેતુ કુશબ્દ વિતંડ્યો. ૨
વદન-સુધાકર-જોતે, વચન સરસ રસ રાસ ઉદ્યોતે;
નવ જલ ઘન-વપુ પોતે, ભક્તિ સરસ કીધાં પ્રભુ હોતે. ૩
ભક્તિ પક્ષ દઢ કીધો, વચન સુધા રસ જન શ્રુતિ પીધો;
અર્થ સકલ તેનો સીધો, તે લીલા માંહે તાણીને લીધો. ૪

ઢાળ

જે લીલામાં અંગીકાર કરિયો રે, (ટેક)
તેનો સકલ તાપ નિસ્તરિયો રે;
જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે રે, (ટેક)
તેને પ્રગટ પદાર્થ ચારે રે. ૫
ઉપરાંત ભજન ફલ આપે રે, (ટેક)
વ્રજમંડલ સ્થિર કરી સ્થાપે રે;
તેને દેવ મુનિ સર્વે ગાયે રે, (ટેક)
તે તો સર્વ ઉપરાંત સુહાયે રે. ૬
તેને કાલ-કર્મ નવ બાધે રે, (ટેક)
યમ તે શિર ધનુષ ન સાંધે રે;
એવો માર્ગ શ્રીવલ્લભવરનો રે, (ટેક)
જ્યાં નહિ પ્રવેશ વિધિ-હરનો રે. ૭
જ્યાં નિત્ય રાસ બહુ પેરે રે, (ટેક)
મધ્ય નાયક નિરતત ઘેરે રે;

જ્યાં રત્નજટિત તટ સરિતા રે, (ટેક)
નવ પલ્લવ ભૂમિ હરિતા રે. ૮
જ્યાં રત્ન ધાતુ ગિરિરાજે રે, (ટેક)
વાજિંત્ર વિવિધ પેરે વાજે રે;
જ્યં યુવતી-યૂથ બહુ માંયે રે, (ટેક)
શ્રીજી-શ્યામલ વર્ણ સુહાયે રે. ૯
એણી પેરે શ્રીગુસાંઈજીને જાણો રે, (ટેક)
જાણી અહર્નિશ ગાઈ વખાણો રે;
જે જીવ જાતિ હોય કોઈ રે, (ટેક)
તેને તત્ ક્ષણ સર્વે સુખ હોય રે. ૧૦
સેવક જન 'દાસ' તમારો રે, (ટેક)
તેનો રૂપ વિયોગ નિવારો રે. ૧૧

શ્રી વિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય નર નારી;
દુર્ગતિ સકલ નિવારી, પ્રગટ્યા શ્રી વ્રજપતિ રાસ વિહારી. ૧

શ્રી વલ્લભાખ્યાન : છઠ્ઠું

રાગ-પરજ

સગુણ સ્નેહી શામળા વ્હાલા, અહર્નિશ દર્શન આપો જી;
પરસ સુખ દેવાને કાજે, વ્રજ મંડલ સ્થિર કરી સ્થાપોજી. ૧
શ્રીવલ્લભ કુંવર કોડામણા, તમારું નામ નિરંતર લીજે જી;
રૂપ સુધારસ માધુરી તે, લોચન ભરી ભરી પીજે જી. ૨
તે પદ ક્યારે દેખશું, જે ગોધન પૂંઠે ધાયે જી;
વ્રજ સુંદરી મુખ સુખ પામીને, વારંવાર અઘાયે જી. ૩
દિવસે સર્વ શ્યામા મળી, રસ રૂપ તણો જશ ગાયે જી;
ગોપ મંડલી મધ્ય દેખીને, વારંવાર સુખ થાયે જી. ૪
વાસર નિર્વાહ એમ કરે, સખી સાયંકાળે પેખે જી;
અલક મુખ ખુર રજ લાગી તે, કમલ ભ્રમર વિશેખે જી. ૫
ગોપ બાલક મંડલી મધ્ય, રંગ અનેક ઉપજાવે જી;
મત્ત ગજ ગતિ મલપતા તે, શ્રી ગોકુલમાં આવે જી. ૬
લોચન-ભૃંગ પીયે ઘણું તે, પ્રગટ મુખ મકરંદ જી;
કમલ પત્ર શી આંખડી તે, જોઈ જોઈ ટાળ્યો દ્વંદ્વ જી. ૭

જોતાં તૃપ્તિ ન ઉપજે, પ્રભુ અધર - સુધારસ પાયે જી;
ભુજલતા ભીડી ભામિની, ત્યારે દિવસ તાપ બુઝાયે જી. ૮
પૂરણ સુખ દઈ ગોષ્ઠમાં, પ્રભુ આઘેરા પાંઉ ધારે જી;
યશોદાજી લે ભામણાં સુતને, રાઈ લૂણ, ઉતારે જી. ૯
વસ્ત્રાંચલ મુખરજ પોંછીને, રૂપ સકલ નિહાળે જી;
ઊભી થાય રોમાવલી, કર કોમળ અંગ સંભાળે જી. ૧૦
કરી પેરે પેરે વારણાં સુતને, સદનમાં પધરાવે જી;
સુંદરી ગૃહ કારજ મિષે વળી, નિરખવાને આવે જી. ૧૧
ઉષ્ણોદક સોંધો ભેળીને, અંગ અંઘોળ કરાવે જી;
અંગ વસ્ત્ર કરી સ્વચ્છ વપુને, પાછે તેલ લગાવે જી. ૧૨
અનેક સુગંધ વસન ભૂષણ, ફૂલ અંબોડે ફાવે જી;
ઠણઠણતો વ્હાલો લાડકડો તે,
ભોજન શાળાએ આવે જી. ૧૩
રાધા અધર-સુધા વિના પિયુને,
બીજું તે કાંઈ નવ ભાવે જી;
પ્રાતઃ પધારેને નિશાએ આવે વ્હાલો,
પ્રીતિ નવી ઉપજાવેજી. ૧૪

માતાનું મન રંજવા વ્હાલો, આરોગ્યા બહુ સ્વાદે જી;
સુગંધ બીડી કર ધરીને, ઊઠ્યા નૂપુરને નાદે જી. ૧૫
સકલ વ્રજમાં પોઢિયા વ્હાલો, વિવિધ રસ સુખદાન જી;
એ લીલા મારે મન વસો, જે ભક્ત માગે માન જી. ૧૬
શ્રી વિઠ્ઠલ દ્વિજ રૂપ તમારી, લીલા એણી પેરે ઝાઝી જી;
ઓળવ્યે કેમ ચાલશે, જે પ્રીત અમશું બાઝી જી. ૧૭
સગુણ સ્નેહી શામળા વ્હાલા, અહર્નિશ દર્શન આપો જી;
પરમ સુખ દેવાને કાજે, વ્રજ મંડલ સ્થિર કરી સ્થાપોજી. ૧

શ્રી વલ્લાભાખ્યાન : સાતમું

રાગ-સામેરી

આપ સેવા કરી શીખવે શ્રીહરિ,
ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો;
આપની લીલા તે વદન પોતે કહી,
ઉચ્ચાર આનંદ તે અધિક દીધો. ૧

વેદ દધિ મધ્ય નવનીત જે ભજન રસ,
મથિત આધુરી જીવે શ્રવણ પીધો;
તક્ર સમ કર્મ - પથ સ્નેહ - રસ - હીન જે,
શ્વેત જાણી વિમુખ તાણી લીધો. ૨
એ ચરણ શરણ વિના લોક દશ ચારમાં,
કહોને કોનો કાંઈ અર્થ સીધો ?
શું કહું ચતુર થઈ થઈ અને વિસ્તરે,
ભજે નહિ પશુ જેમ વિષય કીધો. ૩
બોલ વલ્લભ સુવન વિમલ વાણી,
જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી;
ગૂઢ રસ તત્ત્વ જે વેદની વાણી તે,
પ્રગટ કીધી ભક્ત હેત જાણી. ૪
નંદનંદનરૂપે 'રાસલીલા' કરી,
પોતે ન ઉચ્ચરી છાની રાખી;
દિવસ એકાદની ઉત્તરા કુંવર પ્રતિ,
વ્યાસનંદન વિમલ વદન ભાખી. ૫

બ્રહ્માદિ મહા મુનિ અતિ જ્ઞાન પારંગતા,
તે મધુ સિંધુની કહિયે માખી;
ન કોઈ હુવો, ન હોય એ રૂપ સમ,
તેહના સકલ નિજ નિગમ સાખી. ૬
એ પ્રભુ રસપુંજ તે ભૂમિ પર રુચિ કરી,
ભાગ્ય હીન જીવ જેણે કણિકા ન ચાખી;
તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે,
મંદમતિ કહી અને નિંદા દાખી. ૭
વિબુધ વાંછે વાસ વસુમતી ઉપરે,
શ્રીવલ્લભકુંવરની ટહેલ કરવા;
ઘોષથી વેગે પાંઉ ધારિયા ગિરિ ભણી,
શ્રી ગિરિરાજધરણનો તાપ હરવા. ૮
ફૂલ ફેંટે ભર્યાં વસન વાઘા તણાં,
વિવિધ ભૂષણ તે અંગ ધરવા;
તુરંગ ચાલે વાયુ વેગે ઉતાવળો,
જાણે નૌકા ચાલી સિંધુ તરવા. ૯

દિવસ એકાર્ધનો વિરહ તે યુગ સમો,
નિરંજન મિષે રૂપ હૃદય ધરવા;
જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું,
'શ્રીવિઠ્ઠલનાથ' એવા ઉચ્ચરવા. ૧૦
રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે,
વિવિધ લીલા કરે ભજન સાર;
વિવિધ વચનાવલી નયન સેને કરી,
સંજ્ઞા સૂચવે નિશિ વિહાર. ૧૧
રત્ન મુક્તાવલિ પાટસૂત્રે કરી,
ગલસરી શોભિતા કરે શૃંગાર;
વિવિધ કુસુમાવલી ગ્રથિત હાથે કરી,
એક એકને કંઠે આરોપે હાર. ૧૨
વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન્ન રસ,
રસમસ્યા અર્પે તે બહુ પ્રકાર;
વિવિધ બીડાં, સુગંધ, કર્પુર, એલચી,
લવીંગ-પૂંગી અને ખેરસાર. ૧૩

વ્યંજન શીતલ વાયુ મુકુર કર-કમલ ધરી,
દેખાડતાં મોહે સકલ સંસાર;
એહ સેવારસ પ્રગટ પોતે કરી,
નિજ સેવક તણી કીધી સાર. ૧૪
એ અહર્નિશ ધ્યાન શ્રી વિઠ્ઠલાધીશનું,
સકલ કલિમલ દુરિત કોટિ ક્ષાલે;
એ પ્રભુ ભુવિ પ્રગટ વિપ્રવર તનુ ધરી,
દીઠડે ત્રિભુવન તણાં ચિત્ત ચાલે. ૧૫
જાલરંધ્રે સખી જાણે ચિત્રે લખી,
વાંછિતા નાથની છબિ નિહાળે;
કમલ, ખંજન, મીન, મધુપ જ્યાં ત્યાં થકી,
વક્ર લોચન પાંત પાછાં વાળે. ૧૬
હાવ ભાવાદિક કોટિ-કોટિ કરે,
મદન-જ્વર વ્યથા તે વેગે ટાળે;
દાસનો 'દાસ' ભણે, સકલ સજ્જન સુણે,
શ્રીવિઠ્ઠલ આપનું બિરદ પાળે. ૧૭

આપ સેવા કરી શીખવે શ્રીહરિ,
ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો;
આપની લીલા તે વદન પોતે કહી,
ઉચ્ચાર આનંદ તે અધિક દીધો. ૧

卐 શ્રી વલ્લભાખ્યાન : આઠમું 卐

રાગ-ધનાશ્રી

લલિત મનોહર, શ્રીવલ્લભ સુવન સુજાણ;
નખશિખ સુંદર, વ્રજજન જીવન પ્રાણ. ૧
વદન કાંતિ જાણે, ઉદયા કોટિક ભાણ;
દ્વિજકુલ મંડન, પ્રગટ્યા પુરુષ પ્રમાણ. ૨
નામ નિરુપમ, ઉચ્ચરે સકલ કલ્યાણ;
તેના સાખી, ચારે વેદ-પુરાણ. ૩
અસુર હણેવા, બ્રહ્મવાદ-કરપાણ;
ભક્તિ કરે સૌ, વાજંતે રે નિશાણ. ૪
વૈષ્ણવ જનને, આપે પદ-નિર્વાણ;
મારગ મુક્તો, કોઈ ન માગે દાણ. ૫

ચરણ ચાખડી, વંદે રાણો રાણ;
સરસ થયા જે, હુતા પ્રેત-પાષાણ. ૬
હતિત-પતિતનું જુઓ તમે પ્રગટ એંધાણ;
શેષ સહસ્ર મુખ, ઉચ્ચરે જેનાં વખાણ. ૭
ચૌદ લોકમાં, વર્તે જેની આણ;
ત્રાસ તિમિરનું, જાણે સકલ વિહાણ. ૮
અધર્મ સકલનું, પેરે પેરે કીધું વિત્રાણ;
ધર્મ સકલનું પ્રભુજીએ કીધું ત્રાણ. ૯
સન્મુખ કીધા, જે હુતા ભ્રષ્ટ અજાણ;
નિર્ભય કીધા, શિર પર ભરી નિજ પાણ. ૧૦
નિગમ તત્ત્વરસ, યશ ભર્યાં અમૃત સંધાન;
રૂપ સુંદરતા શું કહું ? નહિ કો'એ સમાન. ૧૧
કૃપા કરી હરિ, રાખી બહુ વિધ કા'ન;
સેવક-જનને, રાખી લ્યો એ લ્હાણ. ૧૨

ઢાળ

એવા તે ગુણનિધિ નાથ ગાતાં, બ્રહ્મ હત્યાદિક અઘ ટળે;
લીલા તે લહરી સિંધુ ઝીલે, રાસ-રસિકને જઈ મળે. ૧૩
નિઃસાધન જન હિત કરેવા, શ્રીનાથ-વિઠ્ઠલ આવિયા;
વ્રજમાં તે હીંડે મલપતા તે, વ્રજ સખી મન ભાવિયા. ૧૪
કમલ નેણે ને અમૃત વેણે, વાક્ય માધુરી રેડતા;
વેદ-ધ્વનિ મિષ હસ્ત ચલણે, શોભે સૌને તેડતા. ૧૫
ભાંતિ-ભાંતિ લીલા કરે પ્રભુ, સાતે સ્વરૂપ સોહામણાં;
એક એકથી અધિક શોભા, વ્રજસખી લે ભામણાં. ૧૬
પેરે પેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતાં;
ઉત્સાહ આનંદ અધિક વાધ્યો, કુસુમ વરખે હરખતાં. ૧૭
રંગે તે રમતા રસભર્યા, પ્રભુ ઘોષમાં લીલા કરે;
અધિક-અધિક પ્રતાપ પૂરણ, યશ દશો દિશ વિસ્તરે. ૧૮
અંતઃપુર લીલા કરે પ્રભુ સકલ જન સંતોષતા;
જાણે તે મત્ત માતંગ છૂટ્યા, નૂપુરને નિર્ઘોષતા. ૧૯

હાર - કંકણ - કર્ણ ભૂષણ, નાદ નાના હીંડતાં
ગાનગાયે નેસ્વરસુહાયે,
'શ્રીનવનીતપ્રિયાજીને'પોઢતાં. ૨૦
સંધ્યા સંમે શૃંગાર નૌતન, ફૂલ ગૂંથે સૌ મળી;
સદન-શોભા નિરખતાં તે, લક્ષ્મી મન પામ્યાં રળી. ૨૧
વાસ વાંછે વ્રજ વસેવા, એણી પેરે સુખ પામવા;
શ્રી પુરુષોત્તમ ઉત્તમ વરને, સમય જોઈ શિર નામવા. ૨૨
પ્રતિ સદન શોભા અતિ ઘણી, ભણી વેદ વદને ન જાય
મકરંદ - માતા ભ્રમર ગુંજે, પક્ષી - નાદ સોહાય. ૨૩
લીલાને અનુસાર કલરવ, કૂજતા દ્વિજ શોભતા;
સ્વ સ્વભાવ ત્યાગી, ધ્યાન રાગી, કોઈક ભાવે લોભતા. ૨૪
સહચરી રત્ન સુકંઠ નાદે, ગાન સુયશ પ્રકાર;
રસિક જન સૌ સંગ મલીને, કરે તે ઉચ્ચાર. ૨૫
એણી પેરે લીલા કરે, શ્રી વલ્લભરાજ કુમાર;
ભક્ત જનના કોડ પૂરો, આપો ચરણ-વિહાર. ૨૬

લલિત મનોહર, શ્રીવલ્લભ સુવન સુજાણ;
નખશિખ સુંદર, વ્રજજન જીવન પ્રાણ. ૧

શ્રી વલ્લભાખ્યાન : નવમું

રાગ-બિભાસ

નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરિયે,
શ્રી વલ્લભનો પરિવાર રે રસના;
શ્રી પુરુષોત્તમ પ્રગટિયા,
જગત્નો કરવા ઉદ્ધાર રે રસના. ૧
કલિમાં કારણ એહ છે,
બીજુ સર્વે ભૂમિનો ભાર રે રસના;
એ વિના બીજું સર્વે બાદલું,
ચૌદ લોકનો શણગાર રે રસના. ૨
'ગોપીનાથજી' સોહામણા,
નવ જલ ઘન તનુ ભાણ રે રસના
સુખદાતા લઘુભ્રાતના,
પૂરણ પુરુષ પ્રમાણ રે રસના. ૩
કમલ લોચન કરુણા ભર્યાં,
'શ્રી વિઠ્ઠલ' સુખ-રાશ રે રસના;

દીઠડે તાપ ત્રિવિધ ટળે,
સ્મરણ માત્ર અઘ નાશ રે રસના. ૪
'શ્રી ગિરિધર' નર ભૂષણ,
ભ્રાત સકલ ધુરિધાર રે રસના;
વક્તા વેદ-શાસ્ત્ર તણા,
'શ્રી ભામિનીજી' ભરથાર રે રસના. ૫
'શ્રી ગોવિંદજી' આનંદમય,
ધર્મ સકલનું ધામ રે રસના;
'શ્રી રાણીજી' રંજન રૂડલા,
ભક્ત સકલ વિશ્રામ રે રસના. ૬
શ્રી બાલકૃષ્ણજી બાલુડા,
સુંદર ભીનલે વાન રે રસના;
કમલ - લોચન કમલા - પતિ,
છબિ નહિ કો' એ સમાન રે રસના. ૭
શ્રીગોકુલપતિ અતિ ગુણનિધિ,
તાત તણો પ્રતિબિંબ રે રસના;

શ્રી પારવતી પતિ પ્રેમશું,
શોભા સકલ કુટુંબ રે રસના. ૮
શ્રી રઘુપતિ અતિ - ગજ ગતિ,
રતિ - પતિ કરું બલિહાર રે રસના;
શ્રી જાનકી જીવન એ સદા,
મધ્ય મણિ રત્નમય હાર રે રસના. ૯
'શ્રી યદુપતિ' જીવન જગતના,
સદા મન પ્રસન્ન ઉલ્લાસ રે રસના;
નાથ તે 'શ્રી મહારાણી' તણા,
મુખ માધુરી વિલાસ રે રસના. ૧૦
શ્રી ઘનશ્યામજી સિંચે સુધા,
જીવન સકલ બ્રહ્માંડ રે રસના;
નાથ તે શ્રીકૃષ્ણાવતી તણા,
લીલા નિત્ય અખંડ રે રસના. ૧૧
શ્રી લક્ષ્મી - સત્યભામા બેહુ
વ્રજની અનુહાર રે રસના;

શ્રી [illegible]પ્રિયાજીને રીઝવ્યા,
સેવ્યા વિવિધ પ્રકાર રે રસના. ૧૨
શોભા, યમુના, કમલા, દેવકા,
જેને સાત બાંધવ સૌભાગ્ય રે રસના;
એહુના ચરણ-સ્મરણ કરી,
શ્રી વિઠ્ઠલ પદ-રજ-રતિ માગ્ય રે રસના. ૧૩
પુત્ર-પૌત્રાદિક સુખ શું કહું,
જો તું મુખમાં એક રે રસના;
શ્રી વિઠ્ઠલ-કલ્પદ્રુમ ફળ્યો,
તેની શાખા પ્રસરી અનેક રે રસના. ૧૪
નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમારિયે, શ્રી વલ્લભનો પરિવાર રે રસના;
શ્રી પુરુષોત્તમ પ્રગટિયા, જગત્નો કરવા ઉદ્ધાર રે રસના. ૧

* * *

પુ.ગો. શ્રીદ્વારકેશજી મહારાજકૃત

卐 'મૂલ પુરુષ' 卐

રાગ - બિલાવલ

મૂલ પુરુષ નારાયણ યજ્ઞ,
શ્રુતિ અવતાર ભયે સર્વજ્ઞ;
શાખા તૈત્તિરીય ગોત્ર ભારદ્વાજ,
તૈલંગ કુલ ઉદિત દ્વિજરાજ.

છંદ

દ્વિજરાજતેં હરિ આય પ્રગટે, સોમયજ્ઞ કિયો જબેં,
કુંડતેં હરિ કહી બાની, જન્મ કુલ તુમ્હારે અબેં;
ચકિત તત્ ક્ષણ ભયે સબજન, ઐસી અબલોં ન ભઈ કબે,
સુનત હી મન હરખ કીનો, ધન્ય ધન્ય કહ્યો સબેં. ૧
તિન કે પુત્ર ભયે ગંગાધર,
તિન કે ગણપતિ સુત વલ્લભવર;

શ્રી લક્ષ્મણ ભટ્ટ અનુભવ ટેવ,
શુદ્ધ સત્ત્વ જ્યોં શ્રી વસુદેવ.
સત્ત્વ ગુણ વિદ્યા પયો નિધિ, વિશદ કીર્તિ પ્રકટઈ,
ગામ કાંકરવારમેં રહી, જાતિ સબ હરખિત ભઈ;
પર્વ પર સકુટુંબ લેકેં, ચલે પ્રાગકૂં, સાથ લે,
સ્નાન-દાન દિવાય દ્વિજકૂં, ચલે કાશી પાત લે. ૨
કછુક દિન રહીકે ચલે સબ દક્ષણ,
આનંદિત તનુ સકુન સુલક્ષણ;
ચંપારણ્યમેં જબ આયે,
ઈલ્લમાગારુ ગર્ભ સ્રવિત જતાયે.
સ્રાવ જાનિ ચલે તહાંતે, નગર ચૌડામેં બસે,
જગતમેં આનંદ ફેલ્યો, દશ દિશા માનો હસે;
ચેન હે સુનિ ચલે કાશી, ફેર વહી બન આવહીં,
અગ્નિ ચહુંધા મધ્ય બાલક, દેખિ સન્મુખ ધાવહીં. ૩
મારગ દિયો જાનિ જિય માતા,
લિયે ઉછંગ મોહે દિયો હે વિધાતા;

તાત સુનત દૌરી કંઠ લગાયે,
તિહીં છિન મંગલ હોત બધાયે.
મંગલ બધાયો હોત તિહું પુર, દેવ દુંદુભિ બાજહીં,
જોતસીકો લગ્ન પૂછત, પ્રથમ સમયો સાધહીં;
ધન્ય સંવત પંદ્રહા, પૈંતીસ માધવ માસ હે,
કૃષ્ણ એકાદશી શ્રી વલ્લભ, પ્રકટ વદન વિલાસ હે. ૪
શ્રી વલ્લભકું લે આયે કાશી,
સુંદર રૂપ નયન સુખ રાશિઃ
સાત વરસ ઉપવિત ધરાયે,
તબતેં વિદ્યા પઢન પઠાયેં.
પઢેં ચારોં વેદ અરુ, ખટ શાસ્ત્ર મહિના ચારમેં,
તાતકૂં અચરજ ભયો, યહ કોન રૂપ બિચારમેં;
નિંદ આઈ કહ્યો પ્રભુ, સંદેહ ક્યોં તુમ કરત હો,
પ્રથમ બાનિ ભઈ હે સો, પ્રકટ જાનો અબ ભયો. ૫
જાગ પરી કહ્યો પત્ની આગે,
યે હેં પૂરણ બ્રહ્મ અનુરાગે;

શ્રીમુખ વચન કહે શ્રી વલ્લભ,
માયામત ખંડન ભયો સુલભ.
સુલભતેં દક્ષિણ પધારે, ગ્યારે બરસકો વપુ ધરે,
દેખ મામા હરખકેં, આદર કિયો - 'આવે ઘરે';
વિદ્યાનગર કૃષ્ણદેવ રાજા, બહુત મતહી જહાં મિલે,
જીતવે 'કનકાભિષેક' સૂં, પઢે આવત ઈહાં પહિલે. ૬
રામાનુજ અરુ મધ્વાચાર્ય,
વિષ્ણુસ્વામી, નિમાદિત્ય, હરિભજ;
શંકરમેં અનુસરત ઔર મત,
યુક્તિ બલતેં આજ સબલ અતિ.
સબલ સુન આપુહિ પધારે, દ્વારપેં પહુંચે જબેં,
ભૃત્ય દૌરી પ્રતાપ બરન્યો, 'રાય આવો યહાં અબેં;
રાય આય પ્રણામ કીનો, 'સભામેં જુ પધારિયે,'
સુનહો બિનતી કૃપા સાગર, દુષ્ટ મતહિ વિદારિયે.' ૭
ગજગતિ ચાલ ચલે શ્રી વલ્લભ,
ઈનકી કૃપા ભયે સબ સુલ્લભ;

રવિકે ઉદય કિરણ જ્યોં બાઢી,
તૈસી સભા પાંત ઉઠિ ઠાડી.
ઠાડે સબ સ્તુતિ કરે જબ, કિયો 'માયામત' ખંડન,
શબ્દ 'જે જે' હોત સબ મુખ, ભક્તિ પથ ભુવ મંડન;
સ્તુતિ કરે દ્વિજ હાથ જોરેં, રાય મસ્તક નાવહીં.
પરત મંગલ હોત હૈ, 'કનકાભિષેક' કરાવહીં. ૮
પાછે જલસોં ન્હાય બિરાજે,
વિનતી કરી રાય મન સાજે;
'દ્રવ્ય સબે અંગીકૃત કરિયે'
પ્રભુ બોલે 'યહ નાંહી ગ્રહિયે'.
'ગ્રહિયે નાહિન સ્નાન જલવત, બાંટ સબકોં દીજિયે',
બાંટ દીનો કરી બિનતિ, 'મોહિ શરણ જુ લીજિયે;
કૃપા કરિ કે શરણ લીનો, થાર ભરિ મહોરેં ધર્યો,
સપ્ત લેકેં કહ્યો, 'દેવી-દ્રવ્ય અંગીકૃત કર્યો.' ૯
તહાંતે પંઢરપુર જુ સિધારે,
શ્રી વિઠ્ઠલનાથ મિલનકું પધારે;

ભીમરથી કે પાર મિલે જબ,
દોઉ તનમેં આનંદ બઢ્યો તબ.
બઢ્યો આનંદ કરી બિનતી, આપકો યહ શ્રમ ભયો,
કહિ શ્રી વિઠ્ઠલનાથજીને મિત્રતા - પથ પ્રકટિયો;
ફેર શ્રી ગોકુલ પધારે, નિરખ યમુના હરખહીં,
સંગ દમલાદિક હતે, તિનપેં કૃપા રસ બરખહીં. ૧૦
એક સમે ચિંતા ચિત્ત આઈ,
દૈવી કિહિં બિધ જાની જાઈ ?
આસુરીસૂં મિલિત સદાહી,
ભિન્ન હોય સો કૌન ઉપાઈ.
ભિન્નકો જબ ચિત્ત ધર્યો, તબ પ્રભુ પધારે તિહિં સમે,
મધુર રૂપ અનંગ મોહિત, કહત સુધ કીને હમેં;
કરો અબતેં બ્રહ્મ કો, સંબંધ દૈવ સૃષટિ કો,
પાંચ દોષ ન રહે તાકે, 'નિવેદન' કરો વૃષ્ટિ કો. ૧૧
વચન સુનિ હરખેશ્રીવલ્લભ,
યહ આજ્ઞાતેં પરમ અતિ સુલ્લભ;

કંઠ પવિત્રા લે પહરાયે,
મિસરી ભોગ ધરિ મન ભાયે.
ભયો ભાયો ચિત્તકો, તબ પુષ્ટિપથકૂં અનુસરે,
શરણ જે આવત નિરંતર,' કાલ-ભયતેં ના ડરે;
પ્રકટ સબ લીલા દિખાવત, નંદ-નંદન જે કરી,
અવનિ પર પદ પદ્મ રાખી, પરિક્રમા મિષ ઉર ધરી. ૧૨
ફેરિ પંઢરપુર જબ આયે,
શ્રીવિઠ્ઠલનાથ કહિ મન ભાયે;
'કરિ વિવાહ બહુ રૂપ દિખાઓ,
મેરો નામ સુવનકો ધરાઓ.
ધરો ચિરામેં બાત યહ, કાશી વિવાહ જુ હોયગો,
મૈં કહ્યો દ્વિજ આય બિનતી, કરે ચરણ સમોયગો;'
આય વહાંતે વિવાહ કીનો, અધિક મંગલ તબ ભયો,
નામ ધર્યો 'શ્રી મહાલક્ષ્મી', દેખિ જોરિ દુઃખ ગયો. ૧૩
પરિક્રમા ત્રીજી ચિત્ત આઈ,
નિકસ ચલે શ્રી વલ્લભરાઈ;

ઝારખંડમેં પ્રભુને જતાઈ,
અબકે મોહિં મિલો મન ભાઈ,
મિલેંગે હરિદાસપેં, જહાં તીન દમન કહાવહી,
ઈંદ્ર, નાગ જુ દેવદમન, સો મેરો નામ ધરાવહી,
ફેરકે જબ વ્રજ પધારેં, પાંચ સેવક સંગ હૈં,
સદૂ હે આન્યોરમેં, તહાં દ્વારપેં ઠાડે રહે. ૧૪
સદૂ કહિ 'સ્વામી કછુ ખૈહેં ?'
મેઘન કહિ 'સેવકકો લૈહેં;
ઈતને પ્રભુ ગિરિ ઉપર બોલે,
'લાઈન નરો દૂધ' રહે અનબોલે.
બોલી નરો 'યહ પાહુને આયે', 'તિનહીં કો બૈઠારિયે,
પ્રભુ કહત 'મોહે બેર લાગત, ભલી ચિત્ત બિચારિયે';
લે ગઈ પય પ્યાય આઈ, દેખ શ્રી વલ્લભ કહ્યો,
'બચ્યો હોય કછુ હમેં દીજે', બોલ પહેલો હી ગહ્યો. ૧૫
દેખ નરો બોલી 'હોં વારી,
નામ દીજિયે ગર્વ પ્રહારી;

નામ દીનો પૂછિ 'વે કહાં ?'
કહિ-પર્વત પર જાઓ તહાં હૈ.
તહાં દેખે પ્રાણપતિ તબ, હુલસિ દોઉ તન ફૂલહી,
વહી સમે સુખ કહિ ન આવે, પંગુ ગતિ-મતિ ભૂલહી;
હસિ કહ્યો 'સકુટુંબ આવો, નિકટ રહી સેવા કરો.'
માનિ બચન પ્રમાણ કીનો, સાસરે દિશ પગ ધર્યો. ૧૬
કછુક દિન રહી સંગ લે આયે,
બસે અડેલમેં નિજ હરખાયે;
સંવત પંદ્રહા સડસઠ આયો,
આસો વદિ દ્વાદશી શુભ ગાયો.
ગાયો શ્રી ગોપીનાથજી, જબ જન્મ લીનો આયકે,
જાનિ બલકો રૂપ હરખિત, દેત દાન બઢાયકે;
ફેરકે ચરણાટ આયે, કછુક દિન રહે જાનકે,
ધન્ય સંવત પંદ્રહા, ધન બહોંતરા શુભ માનકે. ૧૭
પોષ કૃષ્ણ નવમી જબ આઈ,
ઘર ઘર મંગલ હોત બધાઈ;

શ્રીવિઠ્ઠલનાથ પ્રકટ ભયે સુનિ કે,
કહત ફિરત આનંદ ગણ ગુનિ કે.
આનંદ બાઢ્યો ચહું દિશા, છબી નિરખી શ્રી વલ્લભ હસે,
બેઉ કછુ મુસકાય ચિતયે, દોઉ હસન મેરે મન બસે,
તિલક મૃગમદ છિપ્યો હરખિત, કહાંલો ગુણ ગાઈયે,
કૃપાતેં ઉછલિત નિજ રસ, છિપત નાહીં છિપાઈયે. ૧૮
શ્રી ગોકુલમેં વાસ સુહાયો,
શ્રી રુક્ મિણી, પદ્માવતી-પતિ ગાયો;
શ્રી ગિરિધરવર જિનહીં છબિલો,
શ્રી નવનિતપ્રિય અરવિલો.
પ્રિય શ્રી મથુરેશ, શ્રી વિઠ્ઠલેશ, શ્રી દ્વારકેશ જુ
શ્રી ગોવર્ધનધર, શ્રી ગોકુલચંદ્રમા, શ્રી મથુરેશ જુ;
શ્રી મદન મોહન અષ્ટ, યહ વિધિરમણશ્રી વિઠ્ઠલનાથકે,
તાતકો ચિત્ત જાનિ સેવા, વિસ્તરી સબ સાથકે. ૧૯
પંદ્રહસેં સત્તાણું કાર્તિક,
વિમલ દ્વાદશી મંગલ નિત ઢિંગ;

પ્રથમ પુત્ર પ્રકટે શ્રી ગિરિધર,
ષટ્ ગુણ ધર્મી, ધર્મ ધુરંધર.
ધુરંધર ઐશ્વર્ય શ્રી ગોવિંદ, પંચદશ નિન્યાનવેં,
ઊર્જ શામલ અષ્ટમી શુભ, ગુરુ સુદિન પ્રકટે જબેં;
ઋતુ વિયત શૃંગાર આશ્વિન, અસિત તેરસ ભ્રાઁ જહી,
શ્રી બાલકૃષ્ણજી મહા પરાક્રમી, વ સુખ સોલેં રાજહી. ૨૦
કવિ સહ સુદિ સાતેં શ્રીગોકુલપતિ,
યશ સ્વરૂપ માલા સ્થાપિત રતિ;
સોરહસેં ગ્યારહ કાર્તિક સિત,
અર્ક બુધ રઘુનાથ શ્રીસહિત.
હેતુ નિજ અભિધાન પ્રકટે, તાત આજ્ઞા માનકે,
તિથિ કલા બુધ મધુ છઠ, વિમલ જ્ઞાન બખાનકેં;
શ્રી યદુનાથ પ્રકટે રહ્યો, વિરહ શ્રી ઘનશ્યામ સ્વરૂપકે,
સહ કૃષ્ણ તેરસ રવિજ રિક્ષ, સત કલા શ્રી વિઠ્ઠલ ભૂપકે. ૨૧
ભામિની, રાની, કમલાબખાની,
પારવતી, જાનકી, મહારાની

કૃષ્ણાવતી મિલિ સાતોં કહાયે,
યહ અલૌકિક રૂપ મહાયે.
મહા અલૌકિક અગ્નિ કુલ સબ, અલૌકિક અષ્ટ છાપ હે,
અલૌકિક સબ ભક્ત જન જો, શરણ લીને આપ હે,
યથા મતિ કછુ બરનિ આઈ, જાનિયો યહ દાસ હે,
'શ્રી દ્વારકેશ' નિરોધ માગે, યહી ફલકી આશ હે. ૨૨

॥ ઇતિ શ્રી પુ.ગો. શ્રીદ્વારકેશજી
મહારાજકૃત મૂલપુરુષ સમ્પુર્ણ ॥

: મુદ્રક :
નરોતમ ભાટીયા
૭૦૨, કૃષ્ણ લીલા, ખોખાણી લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
બદલાયલો ફોન નં. : ૨૫૦૧ ૧૮૧૩
(હીંગવાલા લેનમાં આવેલ રીલાયન્સ પાવર હાઉસની સામે)

卐 શ્રી વનયાત્રાનું ધોળ 卐

વ્રજ મેરે મન ભાઈ, એસી વ્રજ મેરે મન ભાઈ,
વિશ્રાન્ત ઘાટ શ્રીયમુનાજી ન્હાયકે, નીકે નેમ લિવાઈ;
કેશવરાયકે દર્શન કરકે, શ્રી મહાપ્રભુજી દર્શાઈ-વ્રજ ૧
મધુવન તાલ કમોદ બહુલા વન, સાન્તન કુંડપે ન્હાઈ;
રાધાકૃષ્ણ કુંડકી મહિમા, મોપેં, બરની ન જાઈ-વ્રજ ૨
ગોવર્ધનકી દે પરિક્રમા, માનસી ગંગા ન્હાઈ;
કુસુમોખર ઓર ચંદ્રસરોવર, ગોવિંદ કુંડમેં ન્હાઈ-વ્રજ ૩
આન્યોર ઓર અપ્સરા કુંડ હોય, જતિપુરામેં આઈ;
પરમંદરા ઓર આદિ બદ્રિ, અલક ગંગા પ્રકટાઈ-વ્રજ ૪
કામાકામ સકલ પરિપૂરણ, ચિત્ર વિચિત્ર મન ભાઈ;
બરસાનો ઓર નંદગામ હોય, કોકિલા વનમેં આઈ-વ્રજ ૫
જાઓ બઠેન ઓર અંજન વન હોય, ગામ કરેલા આઈ;
પ્રેમ સરોવર ઓર પીસાયો, પાંડવ ગંગા ન્હાઈ-વ્રજ ૬
બટ સંકેત ખીદ્ર વન હોય કે, જબ તન તપત બુજાઈ;
શેષ નાગ છાયા હરિ ઉપર, પોઢે યાદવ રાઈ-વ્રજ-૭

ખેલન વન ઓર ચીર ઘાટ હોય, નંદ ઘાટ ગૌ પ્યાઈ;
બચ્છ વન બેલ ભદ્ર ભાંડીર વન, માન સરોવર આઈ-વ્રજ ૮
કર સ્નાન લોહવન હોય કે, શ્રી બલદાઉ સુખદાઈ;
ફેર મહાવન શ્રી ગોકુલકી, ગત શારદ નહીં પાઈ-વ્રજ ૯
ધન્ય મથુરા ધન્ય શ્રીવૃંદાવન, ધન્ય ધન્ય યશોદા માઈ;
જાકી મહિમા અગમનિગમ હૈ, પ્રગટે કુંવર કન્હાઈ-વ્રજ ૧૦
બારે વન બારે ઉપવનકી, લીલા ગાય સુનાઈ;
શ્રીપુરુષોત્તમ પ્રભુ કરત સકલ બન, આવા ગમન મિટાઈ. ૧૧

卐 શ્રી યમુનાજીની આરતી 卐

જય જય શ્રી યમુનામા, જય જય શ્રી યમુના મા
જોતાં જન્મ સુધાર્યો, ધન્ય ધન્ય તમો મા...જય જય
શામલડી સૂરત મા, મૂરત માધુરી મા, (૨)
પ્રેમ સહિત પટરાણી મા, પરાક્રમે પુરાં મા...જય જય
ગહવર વન ચાલ્યાં મા (૨) ગંભીરે ઘેર્યા મા (૨)
ચુંદડીએ ચટકાળાં મા, પહેર્યાં નવ લહેર્યાં મા...જય જય
ભુજ કંકણ રૂડાં મા (૨), ગુજરીયા ચુડી મા (૨)

બાજુબંધને બેરખાં, પહોંચી રત્ન જડી મા....જય જય
ઝાંઝરને ઝમકે મા (૨) વિંછિયા ને ઠમકે મા (૨)
નૂપુરને નાદે મા ઘુઘરીને ઘમકે મા....જય જય
સોળ શણગાર સજ્યા મા (૨) નકવેસર મોતી મા (૨)
આભરણમાં ઓપો છો મા, દર્પણ મુખ જોતાં...જય
તટ અંતર રૂડાં મા (૨) શોભિત જળ ભરિયાં મા (૨)
મન વાંછીત મુરલીધર મા, સુંદર વતવરિયાં માં...જય
લાલ કમલ લપટાણાં મા (૨) જોવાને ગ્યાતાં મા (૨)
કહે 'માધવ' પરિક્મ્મા, વ્રજની કરવાને ગ્યાંતા મા...જય
શ્રી યમુનાજીની આરતી મા, વિશ્રામ ઘાટે થાયે મા (૨)
તેત્રીસ કરોડ દેવતા, દર્શન કરવા જાય મા...જય
શ્રી યમુનનાજીની આરતી મા, જે કોઈ ગાશે મા (૨)
તેના મન વાંછિત ફળ પામી, વાસ વ્રજમાં થાશે મા...જય જય
તેના જન્મ મરણના સંકટ સર્વે દૂર થાશે મા (૨)
તેને યમુના પાન થાસે મા, તેનો વ્રજમાં વાસ થાશે મા...જય જય

* * *

૮

卐 શ્રી યમુનાજીનાં ૪૧ પદ 卐

卐 "શ્રી યમુનાજીનાં ૪૧ પદ" 卐

(રાગ-રામકલી)

પદ ૧લું : પિય સંગ, રંગ ભરિ કરિ કલોલેં, સબનકોં, સુખ દેન, પિય સંગ કરત સેન; ચિત્તમેં તબ પરત ચેન, જબહી બોલેં. (૧) અતિહિ વિખ્યાત, સબ બાત ઈનકે હાથ, નામ લેત હી, કૃપા કરિ અતોલેં; દરસ કર પરસ કર, ધ્યાન હિયમેં ધરે, સદા બ્રજનાથ, ઈન સંગ ડોલેં. (૨) અતિહિ સુખ કરન, દુઃખ સબન કે હરન, ગેહી લીનો પરન, દે જુ કોલેં; એસી શ્રી યમુને જાન, તુમ કરો ગુનગાન, 'રસિક'-પ્રીતમ પાયે, નગ અમોલેં. (૩)

પદ ૨જું : શ્યામ સુખધામ, જડાં નામ ઈનકે, નિસદિના પ્રાણપતિ, આય હિયમેં મસેં; જોઈ ગાવે, સુજસ ભાગ્ય તિનકેં. (૧) યહી જગમેં સાર, કહત વારંવાર; સબનકે આધાર, ધન નિર્ધનન કેં; લેત શ્રી યમુને નામ, દેત અભય પદ દાન, 'રસિક'- પ્રીતમ - પિયા, બસ જુ ઈનકે. (૨)

પદ ૩જું : કહત શ્રુતિ સાર, નિરધાર કરકેં, ઈન બિના કોન, એસી કરે હે સખિ; હરત દુઃખ-દ્વંદ્વ, સુખકંદ બરખેં. (૧) 'બ્રહ્મ સંબંધ' જબ, હોત યા જીવકોં, તબહીં ઈનકી, ભુજા વામ ફરકેં; દોર કર સોર કર, જાય પિયસોં કહે, અતિહી આનંદ, મનમેં જુ હરખેં. (૨) નામ નિરમોલ નગ, લે કોઉ ના સકે, ભક્ત રાખત, હિયેં હાર કરકેં; 'રસિક'-પ્રીતમજુકી, હોત જા પર કૃપા, સોઈ શ્રી યમુનાજીકો, રૂપ પરખેં. (૩)

પદ ૪થું : નેનભર દેખ, અબ ભાનુ-તનયા, કેલિ પિયસોં કરે, ભ્રમર તબહી પરે; શ્રમ-જલ ભરત, આનંદ મનયા. (૧) ચલત ટેઢિ હોઈ, લેત પિયકો મોહિ, ઈન બિના, રહત નહીં એક છિનયા;

'રસિક' પ્રીતમ રાસ કરત શ્રીયમુના પાસ, માનો નિર્ધનનકી, હે જુ ધનયા. ૨

પદ ૫મું : શ્યામ સંગ શ્યામ, વ્હે રહી શ્રી યમુને, સુરત શ્રમ બિંદુતે, સિંધુસી બહી ચલી; માનો આતુર અલી, રહી ન ભવને. (૧) કોટિ કામહિ વારોં, રૂપ નેનન નિહારોં, લાલ ગિરિધરન, સંગ કરત રમને; હરખિ 'ગોવિંદ' પ્રભુ, નિરખિ ઈનકી ઓર, માનો નવ દુલહની, આઈ ગવને. (૨)

પદ ૬ઠું : ચરણ-પંકજ-રેણુ શ્રીયમુને જુ દેની, કલિયુગ જીવ ઉદ્ધારન કારન; કાટત પાપ અબ ધાર પેની. (૧) પ્રાણ પતિ, પ્રાણ-સુત, આયે ભક્તન હિત, સકલ સુખકી તુમ હો જુ શ્રેની; 'ગોવિંદ' પ્રભુ બિના રહત નહીં એક છિનુ અતિહીં આતુર ચંચલ જુ નેની. (૨)

પદ ૭મું : શ્રી યમુનાસી નાહીં કોઊ ઓર દાતા, જો ઈનકી શરણ જાત હેં દોરકેં; તાહિકોં તિહિ છિનુ

કર સનાથા. (૧) યેહિ ગુનગાન રસખાન રસના એક, સહસ્ત્ર રસના ક્યોં ન દઈ વિધાતા; 'ગોવિંદ' પ્રભુ તન, મન, ધન વારને, સબહિંકો જીવન ઈનકે જુ હાથા. (૨)

પદ ૮મું : શ્રી યમુના-જસ જગતમેં જોઈ ગાવે, તાકે આધિન વ્હે રહત હેં પ્રાણ પતિ; નેન અરુ બેનમેં રસ જુ છાવે. (૧) વેદ પુરાનતેં બાત યહ અગમ હે, પ્રેમકો ભેદ કોઊ ન પાવે; કહત 'ગોવિંદ' શ્રી યમુનેકી જા પર કૃપા, સોઈ 'શ્રીવલ્લભ કુલ' શરન આવે. (૨)

પદ ૯મું : ધાયકે જાય જો શ્રી યમુના તીરે, તાકી મહિમા અબ કહાં-લગ બરનિયે; જાય પરસત અંગ પ્રેમ-નીરે. (૧) નિસદિના કેલિ કરત મનમોહન, પિયા સંગ ભક્તનકી હે જુ ભીરે; 'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, ઈન બિના નેક નહીં ધરત ધીરે. (૨)

પદ ૧૦મું : જા મુખતેં શ્રી યમુને યહ નામ આવે, તાપર કૃપા કરે શ્રી વલ્લભ પ્રભુ; સોઈ શ્રીયમુનાજીકો ભેદ પાવે. (૧) તન, મન, ધન સબ, લાલ ગિરિધરનકોં, દેકેં ચરણ જબ ચિત્ત લાવે; 'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ, નેનન પ્રગટ લીલા દિખાવે. (૨)

પદ ૧૧મું : ધન્ય શ્રીયમુને નિધિ દેનહારી, કરત ગુણગાન, અજ્ઞાન-અઘ દૂર કરિ; જાય મિલવત પિય પ્રાણ પ્યારી. (૧) જિન કોઉ સંદેહ કરો, બાત ચિત્તમેં ધરો, પુષ્ટિ પથ અનુસરો, સુખ જુ કારી; પ્રેમકે પુંજમેં; રાસ-રસ કુંજમેં, તાહી રાખત, રસ-રંગ ભારી. (૨) શ્રી યમુને અરુ પ્રાણ પતિ, પ્રાણ અરુ પ્રાણ સુત, ચહું જન જીવ પર દયા વિચારી; 'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, પ્રીતકે લિયે અબ સંગ ધારી. (૩)

પદ ૧૨મું : ગુણ અપાર, મુખ એક, કહાંલોં કહિયે,

તજો સાધન ભજો, નામ શ્રી યમુનાજીકો; લાલ ગિરિધરનવર તબહિં પૈયે. (૧) પરમ પુનિત પ્રીતકી, રીત સબ જાનકે, દૃઢ કરિ ચરન-કમલ જુ ગ્રહિયે; 'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, એસી નિધિ છાંડિ અબ કહાં જુ જૈયે. (૨)

પદ ૧૩મું : ચિત્તમેં શ્રી યમુના નિસદિન જુ રાખો, ભક્તકે વસ કૃપા કરત હેં સર્વદા; એસો શ્રી યમુનાજી કો હે જુ સાખો. (૧) જા મુખતેં શ્રી યમુને યહ નામ આવે, સંગ કીજે અબ જાય તાકો; 'ચતુરભુજદાસ' અબ કહત હેં સબનસોં, તાતેં શ્રી યમુને-યમુને જુ ભાખો. (૨)

પદ ૧૪મું : પ્રાણપતિ વિહરત શ્રી યમુના કૂલેં, લુબ્ધ મકરંદકે, ભ્રમર જ્યોં બસ ભયે; દેખ રવિ ઉદય, માનો કમલ ફૂલેં. (૧) કરત ગુંજાર મુરલી જુ લે સાંવરો, સુનત બ્રજબધૂ તન સુધ જુ ભૂલેં; 'ચતુર્ભુજદાસ' યમુને પ્રેમ-સિંધુમેં, લાલ

ગિરિધરનવર હરખિ ઝૂલેં. (૨)

પદ ૧૫મું : વારંવાર શ્રીયમુને ગુણગાન કીજેં, યેહી રસનાતેં જો નામ-રસ અમૃત; ભાગ્ય જાકે હેં સોઈ જુ પીજેં. (૧) ભાનુ-તનયા દયા અતિહીં કરુણામયા, ઈનકી કર આસ, અબ સદાહી જિજેં; 'ચતુર્ભુજદાસ' કહે, સોઈ પ્રિય પાસ રહે, જોઈ શ્રી યમુનાજીકે રસ જુ ભીજેં. (૨)

પદ ૧૬મું : હેત કરિ દેત શ્રીયમુને વાસ કુંજે, જહાં નિસવાસર રાસમેં રસિકવર; કહાંલગ બરનિયેં, પ્રેમ-પુંજે. (૧) થકિત-સરિતા-નીર; થકિત બ્રજબધૂ ભીર, કોઊ ન ધરત ધીર, મુરલી સુનિજે; 'ચતુર્ભુજદાસ' યમુને પંકજ જાનિ, મધુપકી નાંઈ ચિત્ત લાય ગુંજે. (૨)

પદ ૧૭મું : ભક્ત પર કરિ કૃપા શ્રી યમુને જુ એસી, છાંડિ નિજ ધામ વિશ્રામ ભૂતલ કિયો; પ્રકટ લીલા દિખાઈ જુ તેસી. (૧) પરમ પરમારથ કરત હેં

સબનકોં, દેત અદ્‌ભુત રૂપ આપ જેસી; 'નંદદાસ' યોં જાની દઢ કરિ ચરણ ગહે, એક રસના કહા કહોં વિસેસી. (૨)

પદ ૧૮મું : નેહ કારન શ્રી યમુને પ્રથમ આઈ, ભક્તકે ચિત્તકી વૃત્તિ સબ જાનકે; તહાંતે અતિહિ આતુર જુ ધાઈ. (૧) જાકે મન જેસી, ઈચ્છા હતી તાહીકી, તેસીહી આય સાધ જુ પૂજાઈ; નંદદાસ' પ્રભુ તા પર રિઝિ રહે, જોઈ શ્રી યમુનાજીકો જસ જુ ગાઈ. (૨)

પદ ૧૯મું : તાતેં શ્રીયમુને-યમુને જુ ગાઓ, શેષ સહસ્ર મુખ નિસદિન ગાવત; પાર નહીં પાવત તાહી પાઓ. (૧) સકલ સુખ દેનહાર તાતેં કરો ઉચ્ચાર, કહતહોં વારંવાર જિન ભૂલાઓ; 'નંદદાસ' કી આસ શ્રીયમુને પૂરણ કરી, તાતેં ઘરી ઘરી ચિત્ત લાઓ. (૨)

પદ ૨૦મું : ભાગ્ય સૌભાગ્ય શ્રી યમુને જુ દેઈ,

બાત લૌકિક તજો, પુષ્ટિ યમુને ભજો; લાલ ગિરિધરનવર તબ મિલેઈ. (૧) ભગવદીય સંગ કર બાત ઈનકી લહેં, સદા સાનિધ્ય રહે કેલિમેંઈ; 'નંદદાસ'જા પર કૃપા શ્રી વલ્લભ કરે, તાકે શ્રીયમુને સર્વસ જુ દેઈ. (૨)

પદ ૨૧મું : નામ મહિમા એસી જુ જાનો, મર્યાદાદિક કહે, લૌકિક સુખ લહે; પુષ્ટિકોં પુષ્ટિપથ, નિશ્ચે માનો. (૧) સ્વાતિ જલ-બુંદ જબ પરત હે જાહિમેં, તાહિમેં હોત તેસો જુ વાનો; શ્રી યમુને કૃપા સિંધુ જાનિ, સ્વાતિ જલ બહુ માનિ, 'સૂર' ગુણ-પૂર, કહાંલો બખાનોં. (૨)

પદ ૨૨મું : ભક્ત કોં સુગમ, શ્રી યમુને અગમ ઓરેં, પ્રાતહીં નહાત, અઘ જાત તાકે સકલ; યમહૂં રહત તાહિ હાથ જોરે. (૧) અનુભવી બિના અનુભવ કહા જાનહિ, જાકો પિયા નહીં ચિત્ત ચોરે; પ્રેમકે સિંધુકો મરમ જાન્યો નહીં, 'સૂર' કહે, કહા ભયો દેહ બોરે. (૨)

પદ ૨૩મું : ફલ ફલિત હોય ફલરૂપ જાને, દેખીહું ના સુની, તાહીકી આપુની; તાહિકે હાથ નિરમોલ નગ દીજિયે, જોઈ નીકે કરિ પરખિ જાને; 'સૂર' કહે કૂરતેં દૂર બસિયે સદા, શ્રી યમુનાજીકોં નામ લીજેં જુ છાને.

પદ ૨૪મું : શ્રી યમુને - પતિ - દાસકે ચિન્હ ન્યારે, ભગવદીકોં ભગવત્સંગ મિલિ રહે; જાકે હિયે બસત પ્રાણ પ્યારે. (૧) ગૂઢ શ્રી યમુને બાત સોઈ અબ જાનહીં, જાકે મનમોહન નેન તારે; 'સૂર' સુખસાર નિરધાર વે પાવહીં, જા પર હોય શ્રીવલ્લભ કૃપા રે. (૨)

પદ ૨૫મું : શ્રી યમુને રસખાનકોં શિષ નાઊં, એસી મહિમા જાન, ભકતકોં, સુખદાન; જોઈ માંગોં સોઈ જુ પાઊં. (૧) પતિત પાવન કરન, નામ લીનો તરન, દૃઢ કર ગહિ ચરન. કહૂં ન જાઊં; 'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખનિરખત, યહી

ચાહત, નહીં પલક લાઊં. (૨)

પદ ૨૬મું : શ્રી યમુને અગનિત ગુન, ગિને ન જાઈ, યમુને તટ-રેણુતેં, હોત હે નવીન તનુ; ઈનકે સુખ દેનકી, કહા કરોં બડાઈ. (૧) ભક્ત માંગત જોઈ, દેત હે તિહીં છિનુ સો એસી કો, કરે પ્રણ નિવાઈ; 'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત, કહો કેસેં કરિ મન અઘાઈ. (૨)

પદ ૨૭મું : શ્રી યમુને પર તન, મન, ધન, પ્રાણ વારોં જાકી કિરતિ વિસદ, કોન અબ કહિ સકે; તાહિ નેનનતેં ન નેક ટારોં. (૧) ચરણ કમલ ઈનકે જુ ચિંતત રહોં, નિસદિના નામ મુખતેં ઉચ્ચારોં; 'કુંભનદાસ' કહે, લાલ ગિરિધરન મુખ, ઈનકી કૃપા ભઈ તબ નિહારોં. (૨)

પદ ૨૮મું : ભક્ત ઈચ્છા પૂરન શ્રી યમુને જુ કરતા, બિના માંગેહુ દેત, કહાંલોં કહોં હેત; જેસેં કાહુકો કોઊ હોય ધરતા. (૧) શ્રીયમુના પૂલિન રાસ,

વ્રજ-બધૂ લિયે પાસ, મંદ-મંદ હાસ કર મન જુ હરતા; 'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત, યહી જિય લેખત શ્રીયમુને જુ ભરતા. (૨)

પદ ૨૯મું : રાસ-રસ-સાગર શ્રી યમુને જુ જાની, બહત ધારા તન પ્રતિ છિન નૌતન; રાખત અપને ઉરમેં જુ ઠાની. (૧) ભક્તકો સહે ભાર, દેત જુ પ્રાણ-આધાર, અતિહીં બોલત મધુર-મધુર બાની; 'શ્રી વિઠ્ઠલ' - ગિરિધરનવર બસ કિયે, કોનપેં જાત મહિમા બખાની. (૨)

પદ 30મું : ભક્ત-પ્રતિપાલ, જંજાલ ટારે, અપને રસ-રંગમેં, સંગ રાખત સદા; સર્વદા જો શ્રીયમુને નામ ઉચ્ચારે. (૧) ઈનકી કૃપા અબ કહાં લગ બરનિયે, જેસેં રાખત જનની પુત્ર પ્યારેં; 'શ્રી વિઠ્ઠલ' - ગિરિધરન સંગ વિહરત, ભક્તકોં એક છિનુ ના બિસારે. (૨)

પદ ૩૧મું : શ્રી યમુનાજીકો નામ લે સોઈ સુહાગી, ઈનકે સ્વરૂપકો સદા ચિંતન કરત; કલ ન પરત, જાય લેહ લાગી. (૧) પુષ્ટિ-મારગ મરમ, અતિહી દુર્લભ, કરમ છાંડ સગરે, પરમ પ્રેમ પાગી; 'શ્રી વિઠ્ઠલ-ગિરિધરન' એસી નિધિ, ભક્તકોં દેત હેં બિના માગી. (૨)

પદ ૩૨મું : કોનપેં જાત શ્રીયમુને જુ બરની, સબહીકો મન મોહત મોહન; સો પિયાકો મન હે જુ હરની. (૧) ઈન બિના એક છિન, રહત નહિ જીવન ધન, બ્રજચંદ મન આનંદ કરની; 'શ્રી વિઠ્ઠલ' - ગિરિધરન સહિત આય, ભક્તકે હેત અવતાર ધરની. (૨)

પદ ૩૩મું : શ્રી યમુને તુમસી, એક હો જુ તુમહીં, કરિ કૃપા દરસ, નિસવાસર દીજિયે; તિહારે ગુનગાનકોં, રહે ઉદ્યમહીં. (૧) તિહારે પાયેતેં, સકલ નિધિ પાવહીં, ચરણ કમલ ચિત્ત, ભ્રમર ભ્રમહી; 'કૃષ્ણદાસાને' કહેં, કોન યહ તપ કિયો, તિહારે ઢિંગ રહત હેં, લતા દ્રુમહીં. (૨)

પદ ૩૪મું : એસી કૃપા કીજિયેં, લીજિયે નામ, શ્રી યમુને જગવંદની, ગુણન જાત કાહુ ગિની; જિનકે એસે ધની, સુંદર શ્યામ. (૧) દેત સંયોગ રસ, એસે પિયુ હે જુ બસ, સુનત તિહારો સુજસ, પૂરે સબ કામ; 'કૃષ્ણદાસનિ' કહે, ભક્ત હિત કારને, શ્રી યમુને એક છિન, નહિ કરે વિશ્રામ. (૨)

પદ ૩૫મું : શ્રી યમુનાકે નામ અઘ દૂર ભાજે, જિનકે ગુન સુનન કોં લાલ ગિરિધરન પિય; આય સન્મુખ તાકે બિરાજે. (૧) તિહિં છિનું કાજ, તાકે સગરે સરે, જાયકે મિલત બ્રજબધૂ સમાજે; 'કૃષ્ણદાસનિ' કહે તાહિ અબ કોન ડર, જાકે ઉપર શ્રી યમુનેસી ગાજે. (૨)

પદ ૩૬મું : શ્રી યમુનાજીકો નામ તેઈ જુ લેહેં, જાકી લગન લગી નંદલાલ સોં; સર્વસ્વ દેકેં નિકટ રહે

હેં. (૧) જિનહીં સુગમ જાનિ, બાત મનમેં જુ માનિ, બિના પહેચાનિ કૈસે જુ પૈયે; 'કૃષ્ણદાસનિ' કહે શ્રીયમુને નામ નૌકા, ભક્ત ભવ-સિંધુતેં યોંહિ તરિયે. (૨)

પદ ૩૭મું : શ્રી યમુનેકી આસ, સબ કરત હેં દાસ, મન-કર્મ-વચન, કર જોરિકેં માગત; નિસદિના રાખિયે, અપને જુ પાસ. (૧) જહાં પિય રસિકવર, રસિકનિ રાધિકા, દોઊ જન, સંગ મિલ કરત રાસ; 'દાસ પરમાનંદ', પાય અબ બ્રજચંદ, દેખિ સિરાને નેન મંદ હાસ. (૨)

પદ ૩૮મું : શ્રી યમુનેકે સાથ, અબ ફિરતહેં નાથ, ભક્તકે મનકે, મનોરથ પૂરન કરત; કહાંલો કહિયે ઈનકી જુ ગાથ. (૧) વિવિધ શૃંગાર આભૂષણ પહેરેં, અંગ-અંગ શોભા, બરની ન જાત; 'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ, રાખે અપને શરણ, બહે જુ જાત. (૨)

પદ ૩૯મું : શ્રી યમુને પિયકોં, બસ તુમ જુ કીને, પ્રેમકે ફંદતેં, ગહિ જુ રાખે નિકટ; એસે નિરમોલ, નગ મોલ લીને. (૧) તુમ જુ પઠાવત, તહાં અબ ધાવત, તિહારે રસ-રંગમેં, રહત ભીને; 'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ, પરમ ઉદાર, શ્રી યમુને જુ દીને. (૨)

પદ ૪૦મું : શ્રી યમુને સુખકારની-પ્રાણપતિકે, જિન્હે ભૂલી જાત પિય, તિન્હે સુધિ કરિ દેત; કહાંલોં કહિયેં, ઈનકે જુ હિતકેં. (૧) પિય સંગગાન કરે, ઉમગિ જ્યોં રસ ભરે, દેત તારી કર, લેત ઝટકે; 'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ, યેહી જાનત, સબ પ્રેમ ગતિકે. (૨)

પદ ૪૧મું : શરણ-પ્રતિપાલ, ગોપાલ રતિ-વર્ધિની, દેત પતિ-પંથ, પિય-કંથ સન્મુખ કરત; અતુલ કરુણામયી, નાથ-અંગ અર્ધિની. (૧) દીનજન જાન, રસ-પુંજ કુંજેશ્વરી, રમત રસ-રાસ, પિય-સંગ નિશ-શરદની; ભક્તિ દાયક, સકલ ભવસિંધુ-તારિણી, કરન વિદ્વંસ, જન અખિલ

અઘ-મર્દિની. (૨) રહત નંદ સૂનુ તટ નિકટ નિસદિન સદા, ગોપ-ગોપી રમત, મધ્ય રસ-કંદની; કૃષ્ણ તન-વર્ણ, ગુણ-ધર્મ-શ્રી કૃષ્ણ કે, કૃષ્ણ-લીલામયી કૃષ્ણ-સુખકંદની. (૩) પદ્મજા પાય, તુ-સંગ હી મુરરિપુ સકલ સામર્થ્યમયી, પાપકી ખંડની; કૃપા-રસ-પૂર, વૈકુંઠ-પદકી સિઢી, જગત વિખ્યાત, શિવ-શેષ શિર મંડની. (૪) પર્યો પદ-કમલ-તર, ઔર સબ છાંડકે, દેખ દૃગ કર દયા, હાસ્ય-મુખ-મંદની; ઉભય કર જોર, ‘કૃષ્ણદાસ’ વિનતિ કરે, કરો અબ કૃપા કલિંદ-ગિરિ-નંદિની. (૫)

* * *

શ્રી યમુનાજીના (૪૨ થી ૧૦૮) પદ

પદ ૪૨મું : દીન જાન મોહે દીજેં શ્રીમુનાજી, નંદકુમાર સદા વર માંગો; ગોપિનકી દાસી મોહે કીજેં (૧) તુમતો પરમ ઉદાર કૃપા નીધિ, ચરણ શરણ સુખકારી; તિહારે વશ સદા લાડિલી વર્તત, તત ક્રીડત ગિરિધારી. (૨) સબ બ્રજ જન વિહરત સંગ મિલ, અદ્‌ભૂત રાસ વિલાસી; તુમારે પુલિન નિકટ કુંજન, દ્રુમ કોમલ શશી સુવાસી. (૩) જયોં મંડલમેં ચંદ બિરાજત, ભર ભર છિરકત નારી; શ્રમ જલ હસત ન્હાત અતિ રસભર જલ ક્રીડા સુખકારી, (૪) રાનીજીકેં મંદિરમેં નિત્ય ઉઠ, પાય લાગ ભુવન, કાજ સબ કીજેં; પરમાનંદ દાસ દાસી હોય, નંદનંદન સુખ દીજે, (૫)

પદ ૪૩મું : દોઉ કૂલ ખંભ તરંગ સીઢી, શ્રીયમુના જગત. વૈકુંઠ નિશ્રેની; અતિ અનુકૂલ કલોલન કે

ભરલિયેં, જાત હરિકેં ચરણન સુખ દેની. (૧) જન્મ જન્મકે પાપ દૂર કર, કાટત કર્મ ધાર પેની; છીતસ્વામી ગિરિધર - જૂકી પ્યારી, સાંવરે અંગ કમલ દલ નેની. (૨)

પદ ૪૪મું : મેરે કુલ કલમષ સબહીં નાશે, દેખ પ્રાપ્ત પ્રભાકર કન્યા; વે દેખો પાપજાત જિત તિતતેં, જ્યોં મૃગરાજ દેખમૃગ સન્યા. (૧) પોષત દેપય પાન પુત્રલોં હેં. જગજનની ધન્ય સુધન્યા; દિયો ચાહે ગદાધર હુંકો, ચરણ કમલ નિજ, ભક્તિ અનન્યા. (૨)

પદ ૪૫મું : અતિ મંજુલ જલપ્રવાહ મનોહર સુખાવગાહ, નવિદિત રાજત અતી તરણી નંદની શ્યામ વરણ ઝલકરૂપ લોલ લહર પર, અનૂપ સેવિત સતંતિ મનોજ વાયુ મંદિની. (૧) કુમુદ કુંજ વન વિકાસ મંડિત દિશ દિશ સુવાસ કૂજત અલિહંસ કોક મધુર છંદિની, પ્રફુલ્લિત અર્વિન્દ

પુંજ કોકિલ કલસાર ગુંજ, ગાવત અલિ મંજુ પુંજ વિવિધ વંદની. (૨) નારદ શીવ સનક વ્યાસ ધ્યાવત મુની ધરત આસ, ચાહત પુલિનવાસ સકલદુઃખ નિકંદની, નામ લેત કટત પાપ મુની કિન્નર ઋષિ, કલાપ કરત જાપ પરમાનંદ મહા આનંદિની (૩)

પદ ૪૬મું : પ્રફુલ્લીત વનવિવિધ રંગ જલક્ત યમુના, તરંગ સૌરભ ધન આમોદિત અતિ સોહાવનો ચિંતામણી કનક ભુમિ છબિ અદ્‌ભુત લતા ભુમિ શીતલમંદ અતિ સુગંધ મરુત આવતો. (૧) સારસ હંસ શુક ચકોર ચિત્રિત નૃત્યસુમોર, કલ કપોત કોકિલા કલમધુર ગાવનો, યુગલ રસિક વર વિહાર પરમાનંદ છબી અપાર, જયતિ ચારુ વૃન્દાવન પરમ ભાવનો (૨)

પદ ૪૭મું : અધમ ઉદ્ધારની મેં જાની શ્રીયમુનાજી, ગોધન સંગ શ્યામ ઘન સુંદર તીર ત્રિભંગી દાની.

(૧) ગંગા ચરણ પરસતે પાવન હરશિર ચિકુર સમાની. સાત સમુદ્ર ભેદ યમ ભગિની, હરિનખ શિખ લપટાતી ૨ રાસ રસિક મણિ નૃત્ય પરાયણ પ્રેમપુંજ ઠકુરાની, આલિંગન ચુંબન રસ વિલસત, કૃષ્ણ પુલિન રજધાની. (૩) ગ્રીષ્મ ઋતુ સુખ દેત નાથકું. સંગ રાધિકા રાણી, ગોવિંદ પ્રભુ રવીતનયા પ્યારી, ભક્તિ મુક્તિની ખાણી. (૪)

પદ ૪૮મું : શ્રયમુનાજી યહ પ્રસાદ હો પાઉં તુમ્હારે નિકટ રહો, નિશવાસર, રામકૃષ્ણ ગુણ ગાઉ. (૧) મજ્જન કરો વિમલ જલ પાવન, ચિંતા કલેશ બહાઉ; તિહારી કૃપાતેં ભાનુકી તનયા, હરિપદ પ્રીતી બઢાઉં. (૨) વિનંતી કરો યહી માંગો. મદન ગોપાલ લડાઉં. (૩)

પદ ૪૯મું : યમુના યમુના ગોપાલહીં ભાવે, યમુના યમુનાકો નામ ઉચ્ચારત, ધર્મરાજ તાકી ન ચલાવે. (૧) જે યમુનાકો જાન મહાતમ વારંવાર પ્રણામ કરે, તેં યમુના અવગાહન મજ્જત ચિંતિત તાપ તન કે જુ હરે. (૨) પદમ પુરાણ કથા યહ પાવન, ધરણી પ્રતિ વારાહ કરૂ. તીર્થ મહાત્મય જાન જગત ગુસ્સો પરમાનંદદાસ લહી. (૩)

પદ ૫૦મું : શ્રીયમુનાજી પતિત પાવન કરે, પ્રથમહીં જબ દીયો દર્શન, સકલ પાતક હરે. (૧) જલ તરંગન પરસ કર, પય પાનસો મુખ ભરે. નામ સ્મરત ગઇ દુર્મતિ, કૃષ્ણ યશ વિસ્તરે. (૨) ગોપ કન્યા કીયો મજ્જન, લાલ ગિરિધર વરે, સૂર શ્રી ગોપાલ સ્મરત, સકલ કાર્ય સરે. (૩)

પદ ૫૧મું : તિહારો દરસ મોહિ ભાવે શ્રીયમુનાજી, શ્રી ગોકુલકે નિકટ બહતહેં; લહરનકી છબી આવે. (૧) સુખ દેની દુઃખ હરની શ્રીયમુનાજી, જે જન પ્રાતઃ ઉઠ ન્હાવે. મદન મોહન જુકી ખરી હે પ્યારી; પટરાણી જુ કહાવે. (૨) વૃદાંવનમેં રાસ રચ્યોં હેં મોહન મુરલી બજાવે. સૂરદાસ પ્રભુ તિહારે

મિલનકું, વેદ વિમલ યશ ગાવે. (૩)

પદ ૫૨મું : તિહારો દરસ હો પાઉં શ્રીયમુનાજી. શ્રીગોવર્ધન શ્રીવૃદાંવન વ્રજરજ અંગ લગાઉં. (૧) દિન દશ પાંચ રહો, શ્રી ગોકુલ ઠકરાણી ઘાટ હો ન્હાઉં, દાસન કે ઉપર કરો કૃપા સંતનકે સંગ આવું. (૨)

પદ ૫૩મું : શ્રયમુનાજીકી મહિમા મોપેં વરણી ન જાઈ, સૂર સુતા ઘનશ્યામ વરણ પ્રફુલ્લિત રૂપ નિકાઈ. (૧) શ્રી હરિ ગોપવધૂ દ્વિજ-સબ, શ્રીગોકુલકે લરકાઈ, વ્રજાધીશ પ્રભુ આદિભક્તનકો, સકલ સિદ્ધિ સુખદાઈ. (૨)

પદ ૫૪મું : શ્રીયમુનાજી તુમ સમ ઓર ન કોઈ, કરો કૃપા મોહિ દીન જાન કેં નિજ વ્રજવાસો હોઈ. (૧) રાખો ચરણ શરણ તરણિ તનયા જન્મ આપદા ખોઈ. યહ સંસાર સબ સ્વાર્થકો સબવિધ, સુત બંધુ સગો ન કોઈ. (૨) પ્રેમ ભજનમેં કરત

વિઘ્નતા સંત સંતાપે સોઈ, તાકો સંગ મોહિ સપને ન દીજે, માંગત નયન ભર રોઈ. (૩) ગરલ પાન ડારત અમૃતમેં, વિષયા રસસોં મોહી, રસિક કહે દીન હોય માંગું, લહેર સમુદ્ર સમોહી. (૪)

પદ ૫૫મું : શ્રી યમુના યમુના નામ ભજો, હરખત કરો આરાધન ઈનકો, ઓરકો પંથ તજો. (૧) દેહે સકલ પદારથ તુમકો ઈનકે નામ ભજો, વ્રજ પતિકી અતિહીં પ્યારી તાતે સકલ શૃંગાર સજો. (૨)

પદ ૫૬મું : નિરખતહી મન અતિ આનંદ ભયો દેખ પ્રભાત પ્રભાકર કન્યા, જલ પરસતહી સકલ અઘ ભાજે જ્યોં હરિ દેખ હરણકી સૈન્યા. (૧) ઓરં જીવનકો ઓરનકી ગતિ મેરી, ગતિ હો તુમહીં અનન્યા; વ્રજપતિકી તુમ અતી હીં પ્યારી, તુમ સંગમતે જાન્હવી ધન્યા. (૨)

પદ ૫૭મું : શ્રીયમુનાજીસી નહીં કોઈ દુઃખ હરની, જા કે સ્નાનતેં મિટત હેં પાપ, હોત હે આનંદ સુખકી

જુ કરની (૧) મહિમા અગાધ અપાર, ઈનકે ગુણવેદ પુરાણ ન વરણી, કહત વ્રજપતિ તુમ સબનકો સમજાય, છૂટે યમ ડર જો આવે ઈનકી શરણી. (૨)

પદ ૫૮મું : શ્રીયમુનાજી તિહારો પુલિન મોહિ ભાવે સુરબ્રહ્માદિક ધ્યાન ધરત હૈ સો સુપને નહિં પાવે. (૧) બિચ બિચ કુંજ સદન અતિ સુંદર શ્યામા શ્યામ સુહાવે. ચહું દીશ સકલ ફૂલ અતિ ફૂલે ગુહીગુહી કંઠ ધરાવે. (૨) કુસુમનકે વિંજનાજો સંવારે, સખિયન બાંહ ઢુરાવે, સૂરદાસ પ્રભુ સબસુખ સાગર, દિનદિન શોભા પાવે. (૩)

પદ ૫૯મું : જયતિ ભાનુ તનયા ચરણયુગલ વંદે, જયતિ વ્રજરાજ નંદ પ્રિયે સર્વદા, દેત આનંદ જ્યોં શરદ ચંદે. (૧) જયતિ સકલ સુખ કારિણી કૃષ્ણ મન હારિની, શ્રીગોકુલ નિકટ વહત મંદે; જાકે તટ નિકટ હરિ રાસ મંડલ રચ્યો. તહાં નૃત્ય તાતા થેઈ

થંદે. (૨) જયતિ કલિંદ ગિરિનંદીની દેત આનંદીની, ભક્તકે હરત સબ દુઃખ દ્વંદે; ચિતમેં ધ્યાન ધર મુદિત વ્રજપતિ કહે. જયતિ યમુને જયતિ નંદ નંદે. (૩)

પદ ૬૦મું : જગતમેં શ્રીયમુનાજી પરમ કૃપાલ, વિનતી કરત તુરત સુન લીની ભયે મોપેં દયાલ. (૧) જો કોઉ મજ્જન કરત નિરંતર તાતે ડરપતહેં યમકાલ, વ્રજ પતિકી અતિ પ્યારી, કાલિંદી સ્મરત હોતે નિહાલ. (૨)

પદ ૬૧મું : શ્રી યમુનાજી યહ વિનતી ચિત્ત ધરીયેં, શ્રીગિરિધરલાલ મુખારવિંદ રતિ, જન્મ જન્મ નિત કરિયેં. (૧) વિષ સાગર સંસાર વિષમ સંગતે, મોહી ઉદ્ધરિયે, કામ ક્રોધ અજ્ઞાન તિમિર અતિ, ઉર અંતરમેં હરિયે. (૨) તુમારે સંગ બસો નિજજન સંગરૂપ દેખ મન ઠરિયેં, ગાઉં ગુણ ગોપાલ લાલકે, અષ્ટ વ્યાધિતેં ડરીયેં (૩) ત્રિવિધ

દોષ હરકે કાલિંદી એક કૃપા કર ઢરિયેં, ગોવિંદદાસ યહ વર માગો તુમારે ચરણ અનુસરિયેં. (૪)

પદ ૬૨મું : નમોતરણી તનયા પરમ પુનીત જગ પાવની, કૃષ્ણમન ભાવની રૂચિર નામા, અખિલ સુખદાયિની સબ સિદ્ધિ હેતુ શ્રીરાધિકા રમણ રતિ કરણ શ્યામા. (૧) વિમલ જલ સુમન કાનન મોદ યુત. પુલિન અતિ રમ્ય પ્રિય વ્રજ-કિશોરા, ગોપગોપી નવલ પ્રેમ રતિ વંદિતા, તટ મુદિત રહેત જૈસેં ચકોરા. (૨) લહરિ ભાવ લાલિત વાલુકા સુગમ, વૃજ બાલ વૃત પૂરણ રાસ ફલદા, લલિત ગિરિવરધરણ, પ્રિય કલિંદનંદિની, નિકટ કૃષ્ણદાસ વિહરત પ્રબલદા. (૩)

પદ ૬૩મું : પિય સંગ રંગ ભર કર વિલાસે, સુરત રસ સિંધુમેં અતિહી હરખિત ભઈ, કમલ જ્યોં ફૂલતે રવી પ્રકાશે. (૧) તનતેં મનતેં પ્રાણતે સર્વદા

કરતહેં, મૃદુલ હાસેં, કહત વૃજપતિ તુમ સબનકો સમજાય, મિટ યમ ત્રાસ ઈનહી ઉપાસે. (૨)

પદ ૬૪મું : જયતિ શ્રીયમુને પ્રકટ કલ્પ લતિકે, અષ્ટ વિધ સિદ્ધિ અદ્‌ભૂત વૈભવ સકલ, સ્વજન વિખ્યાત સ્વાધીન પતિકે, (૧) કેલી શ્રમ સુરત પય રૂપ વ્રજ ભૂપકો, પુત્ર પય પાનદે વિશ્વમાતા, અંગ નૂતન કરત પુષ્ટિ તબ અનુસરત, ત્રિદલ રસ કેલિકી અમિત દાતા. (૨) રહત યમ દ્વારતેં મુક્ત સુખ ચારતેં, નામ ત્રય અક્ષર ઉચ્ચાર કીનેં, ઉભયલીલા વિષ્ટ વૃજ પ્રિય કુમારિકા, તુર્ય પ્રિયા વદત રસ રંગી ભીનેં, (૩) અનાવૃત બ્રહ્મ તેં સદાવ્રત હોય રહી, કનક શાખા વિટપ શ્યામ વલ્લી, સદા પ્રફુલ્લિત દ્વારિકેશ અવલોકકે, નિત્ય આનંદ આ ભીર પલ્લી. (૪)

પદ ૬૫મું : હમ લઈ શ્યામ-ચરણ યમુનાકી, તિહારે ચરણમૈયા લાગોરી ધ્યાન, માતા તિહારી

સંજયા તારન, પિતા તાહરે સૂરજ ભાનુ ધર્મરાયસે બંધુ તિહારે; પતિ તિહારે શ્રી ભગવાન. (૧) ઉંચે નીચે પર્વત કહિયે પર્વતરાયે પાષાણ, સાત સુમુદ્ર ભેંદકે, નીકસી એસી હેં શ્રી યમુનાજી બલવાન. (૨) બ્રહ્મા જાકો ધ્યાન ધરત હેં પંડિત વાંચત વેદ પુરાણ, જોગી જતી સતી સંન્યાસી મગ્નભયે, તિહારે ગુણગાન (૩) જેસેં તુરંગ ચલત ધરણી પર, તેંસે ભંવરા કરત ગુંજાર, સૂર શ્યામ આધીન તિહારે, જયજનની મૈયા કરની કલ્યાણ. (૪)

પદ ૬૬મું : જય જય શ્રી સૂરજા કલિંદ નંદની, ગુલ્મલતા તરુ સુવાસ કુંજ કુસુમ મોદમત્ત ગુંજત અલિ સુભગ પુલિન વાયુ મંદિની. (૧) હરિ સમાન ધર્મ શીલ કાંતિ મંજુલ જલદ નીન, કટિ નિતંબ ભેદત નિત ગતિ ઉતંગની. (૨) સિકતા જનુ મુક્તા કંકણ યુત ભુજ તરંગ, કમલ ઉપહાર લેત, પિયા ચરણ વંદિની. (૩) શ્રી ગોપેન્દ્ર ગોપીસંગમ, શ્રમ જલકણ સિક્ત અંગ અતિ તરંગ નિરખ, રસ સુફંદિની. (૪) છીતસ્વામી શ્રીગિરીવર નંદનંદન આનંદકંદ શ્રીયમુને જન દુરિત હરણ દુઃખ નિકંદિની (૫)

પદ ૬૭મું : જય જય શ્રીયમુના આનંદ કંદની દરશ સ્પરશ ત્રિવિધ તાપ જાત દુઃખ નિકંદની. (૧) અંગ અંગ છબી તરંગ શોભા સિંધુની, તાહિકે અઘકુઠાર જાકે વંદિની. (૨) અક્ષય આનંદ ગોવિંદ અગમ ગામિની, હરિદાસ તટ નિવાસ જન્મ જન્મની. (૩)

પદ ૬૮મું : બલ વામન હો જગ પાવન કરણ, કહિન પરત શોભા નીલ મણિનકી શી, શોભા ગગન ભયો જબ સુંદર ચરણ (૧) બન્યો હેં ભેદ અતિ ઉતતેં ગંગાકી ધાર ધસી, હેં ધરણી ઉજ્જવલ વરણં, ઈતતેં પદકી જ્યોતિ માનો કાલિંદિકી ધાર, ચઢી હેં અમરપુર પાપ હરણ. (૨) રહ હેં

ચક્તિચાહિ સુરનર મુનિવર, દુહુ દિશનેહ આન કિયે વરણ. નંદદાસ જાકે ચરિત્ર દુરિતદવન, રંચક શ્રવણ મિટે જન્મમરણ. (૩)

પદ ૬૯મું : શ્રીયમુને કરુણામયિ વિનંતી સુન લીજે, દર્શનતે પાવન સદા સ્મરત અઘ છીજે, (૧) મજ્જન તુવ જલ પાવની, મન સુધ કર લીજે, ગાવત વેદ પુરાણ મેં, શ્રી યમુને સુખ જીજે ભાવ ભક્તિ વરદાનકી, મોકોં વર દીજે શ્રીવિઠ્ઠલ ગિરિધરન કે ગાઉં, ગુન રસ ભીંજે. (૨)

પદ ૭૦મું : તપત મિટે દેખે ભાનુ સુતાતેં, સ્નાનકિયેં તે કલિમલ નાસે, ગાન કિયેં તે જ્ઞાન હોય તાતે. (૧) પાન કિયે તેં પ્રેમ પ્રકાશે, ધ્યાનધરેં તેં દંપતિ દે તાતેં, તીર બસે બલવીર હીયે આવે, વૃંદાવન વૈભવ લહે તાતેં (૨) વ્રજ ભૂષણસે પ્રભુ જાનકે દુઃખ ન હોય કોઈ છીન તાતેં, પ્રસન્ન હોય યમુના જગતરણી, નંદદાસ યાચત હેં તાતેં (૩)

પદ ૭૧મું : અંધ સંહારિણી શ્રીયમુનાજી પુરણ પુરૂષોત્તમજીકી પ્યારી, જે જન તકી ચરણન ચિતલાવત, તાપર કૃપા અનુગ્રહ ભારી. (૧) સોલે સહસ્ત્ર રાજકન્યાકે, પ્રતિબંધક મુર દૈત્ય મહારી. તાહિ નિહાર કીયે અંગીકૃત પાણિગ્રહે સબકે જુ મુરારી (૨) એસે પ્રભુસો કેલિ નિરંતર ચરણરેણું ફરકત સુખકારી, સેવા યોગ્ય દેહકે કારણ કરત દયા નિજ પ્રાણ આધારી. (૩) ચમક્ત રેણું સંબંધ કરત જો, સિદ્ધ અલૌકિક દેહ સુખારી, હરિદાસ યમુનાજીકી શોભા નિરખતહી તન મન ધન વારી. (૪)

પદ ૭૨મું : સોહત યમુના ફલ ફૂલન, રાસ રમણ કીનો વ્રજનાયક યહ વન યમુના કૂલન (૧) મોહન ધર્યો રૂપ મોહની કો, અસુર રહે મતિ ભૂલન, હરિદાસ પ્રભુ શોભા નિરખત, યહિ યમુના ભૂજ મૂલન (૨)

પદ ૭૩મું : સબ હિનતે યમુના અધકીરી, કિહી કારણ ભૂતલ પાઉં ધારી, ચિત્ત દે સુનિ સબ યા વિધકીરી (૧) વ્યાપિ વૈકુંઠ તે આઈ વ્રજમેં, કો જાને સખી યા નિધિ કી રી, હરિદાસ પ્રભુ નિરખત, રંક મિલિ ગઠિયાં નિધિ કારી. (૨)

પદ ૭૪મું : નમો દેવી યમુને, નમો દેવી, યમુને મન વચન કર્મ કર શરણ તેરી, સકલ સુખકારિની, ભવ સિંધુ-તારિની દરસતે કટત હેં પાપ વેરી. (૧) ભક્ત-વરદાયિની, ભક્ત-મનભાવિની, ભક્ત સહાયિની, ભક્ત ભેરી દીજિયે ભક્તિ અબ લાલ ગિરિધરનકી, કાટિયેં વિષય કૃષ્ણદાસ કેરી. (૨)

પદ ૭૫મું : નમો નમો જયતિ શ્રીયમુને, જય કાલિંદી પુલિન મનોહર, શ્યામા શ્યામ કરત હેં રવને (૧) જલ ક્રીડા કરત તેરે તટ, તુમ સમ કોઈ નહિ તીનો ભવને, સુર નુર મુનિકે ધ્યાન ન આવે, સો પ્રભુ તિહારે ગ્રહ ગવને. (૨) તુમતો પરમ

કૃપાલ જગ જનની, પતિતનકો પાવન ભવ તરણી, શાખા નિગમ પુરાણનવરણી, સુર પ્રભુ કે મનકો હરની. (૩)

પદ ૭૬મું : જય જય શ્રીયમુને માતા જગત વંદીની, ત્રિવિધ તાપ દૂર કરત પાપ ખંડની. (૧) સકલ વ્રજભૂમિ વિહાર કલિંદ નંદિની, ચતુર્ભુજ પ્રભુ ગિરિધરનલાલ કામ કંદની (૨)

પદ ૭૭મું : જય યમુને જનની મહારાણી, શેષ સનકાદિ નારદ ગુન ગાવત, ચતુરાનન મુખ વેદ વખાની. (૧) શુક મુની આદિ પરાસર કે સુત, ધૃવકો દઈ અટલ રાજધાની, ચતુર્ભુજ પ્રભુ ગિરિધર ઇનકે વશ, કેલિ કલા રસ રૂપકી ખાણી. (૨)

પદ ૭૮મું : પ્રાતઃ સમે રસના જુ રટિયેં કલિંદ સુતા હરિ કે સુખ દેની; સાંવરે અંગ તરંગ અનંગન, મોતિન માંગભરી મૃગ નયની. (૧) હાવ ભાવ

વિલોકનમેં, મનમોહન કે મનકો હર લેની, પ્રેમ કહે જગ પાવની, ભૂતલમાં જ વૈકુંઠ નિશ્રેનિ. (૨)

ત્યા તો રાજ કરે રૂડા વૃષભાન. ૩૦
શ્રી રાધિકાજીની સંગે અષ્ટ સખીઓ જાણ,
જીરે સાંકરી ખોરને મહા ઘાટી દાન. ૩૧
જીરે દાન ગઢ માન ગઢમાં દૃઢ મન,
જીરે દાણી કુંડ રત્ન કુંડ ગહવરવન. ૩૨
શ્રી મહાપ્રભુજીની બેઠકે મોરકુટી,
જીરે નોબારી ચોબારી ભાનનું વન. ૩૩

પીરી પોખર પ્રેમ સરોવર નાહીએ,
વિમલ કુંડથી કલા કુંડે જઈએ. ૩૪
સંકેત વટ નિકુંજની અતિ રે શોભા,
પાન કુંડ મોતી કુંડ જોઈ મન લોભા. ૩૫
નંદગામને નંદ જશોદા માત,
શ્રી કૃષ્ણની સાથે બલભદ્રજી ભ્રાત. ૩૬
સૂરજ કુંડ મધુવન કુંડે સઘળા,
આવું જોઈને મન થયું વિહ્વલ. ૩૭
ચરણ પહાડી ચરણ અંકુશ શિલા,
દર્શન કરીને ગાવી સઘળી લીલા. ૩૮
લલિતા કુંડને આંજનોખરી જેહ,
ખીદર વન જાઓ બઠેન કોકિલા તેહ. ૩૯
રાસોલી ચરણ પહાડી ચિત્ર શિલા,
જીરે છોટી મોટી બહેનની નિરખો લીલા. ૪૦
દધિ ગામ શેષ કુંડને કોટ વન,
ક્ષીર સાગર શેષ શાયીને ખેલન વન. ૪૧

શ્રી યમુનાજી વાંકાં કીધાં શ્રી બળરામ,
અખેવટ કાત્યાયની વ્રતમાં ઠામ. ૪૨
ગોપી ઘાટ ઘાટ ચીર હરવાનાં,
જીરે નંદ ઘાટે ઉતરવાનાં. ૪૩
ભાંડીર વન જાવું નાવની વાટે,
ભાંડીર કૂવો ને બટ બીજોરી ઘાટે. ૪૪
બેલ વન ભદ્ર વન માન સરોવર સુખ ધામ,
માણેક શિલા પીપરોલીને માટ ગામ. ૪૫
ચાલો વૃંદાવન બંસી બટ ધામ,
પરિક્રમામાં આવે સઘળાં ઠામ. ૪૬
લોહ વન રાવલ પ્રકટ્યાં રાધા,
મહા વન બ્રહ્માંડ ઘાટ માટી ખાતા. ૪૭
શ્રીગોકુલ મંદિર પ્રભુનાં સાત,
રમણ રેતી સ્થળની શી કહું વાત. ૪૮
શ્રી મહાપ્રભુજીની બેઠક છે જ્યાંહ,
જી રે બ્રહ્મસંબંધની આજ્ઞા ત્યાંહ. ૪૯

બ્રહ્મ છોકર ઠકુરાણી ઘાટ નાહીએ,
ગોપ કૂવેથી દાઉજી જઈએ. ૫૦
જી રે મથુરા જન્મભૂમિ વિશ્રામ,
જી રે સ્થળ સઘળાં જોવાની હામ. ૫૧
શ્રી યમુનાજી નાહીને જોડો હાથ,
અહર્નિશ ગુણ ગાઓ વ્રજનો સાથ. ૫૨
ચોરાશી કોશની પરિક્રમા કરી,
સર્વે ભગવદીય મળી ગુણ ગાઓ હરિ. ૫૩
જે કોઈ પાઠ કરે નિત્યે ગાય,
તેને વનયાત્રા ફળ અધિક જ થાય. ૫૪
જે કોઈ પાઠ ભણે ને નિત્ય નેમ,
તેને હરિશું બાઢે પ્રેમ. ૫૫
જી રે વન ઉપવન કીધાં કર જોડ,
શ્રી વ્રજભૂષણજીએ પૂર્યાં કોડ. ૫૬
જી રે જન્મ જન્મ આપો વ્રજવાસ,
અહર્નિશ ગુણ ગાય વલ્લભ દાસ. ૫૭

* * *

શ્રી વ્રજ પરિક્રમાનું ધોળ

ગુરુ પ્રતાપે પ્રેમ સહિત શ્રી યમુનાજીમાં ન્હાઈયેજી.
શ્રી મહારાણીજી કૃપા કરે તો વ્રજ પરિક્રમા કરીએ;
મા શ્રી યમુના મહારાણી કી બલીહારી...(ટેક) ૧
વિશ્રામ ઘાટે નેમ લેઈ શ્રી મહાપ્રભુજીમાં આવ્યાજી;
બેઠકથી દંડવત કરીને ભેટ ભોગ ધરાવ્યા. ૨
બીજા ઘાટે આચમન લેઈ શ્રી બળદેવ ઘાટે આવ્યાજી;
ધ્રુવ ઘાટે એક પલક બિરાજે, ત્યાં સંદેશો કહાવ્યો. ૩
મધુવનમાં મહાપ્રભુજીની બેઠક, કૃષ્ણકુંડે ન્હાઈએજી;
તાલ વન કમોદ વન સાંતન કુંડે ન્હાઈએ. ૪
પરિક્રમા કરતાં કરતાં રાધાકૃષ્ણ કુંડે આવ્યાજી;
જુગલ સ્વરૂપ ગઠ જોડે ન્હાઈ, ચાર બેઠક ભોગ ધરાવ્યા. ૫
ગિરિરાજની પરિક્રમા મોટી, ધામ ગણ્યાં નવ જાયજી;
શ્રી મહારાણીજી કૃપા કરીને, દર્શન દો તત્કાળ. ૬

ચંદ્ર સરોવર રમણીય સ્થળ, આદ્ય વૃંદાવન જઈએજી;
શ્રી ગુરુદેવ કૃપા કરે તો, વ્રજ પરિક્રમા કરીએ. ૭
સંકેતવનની શી કહું શોભા, લગ્ન થયાં તે ધામજી;
સંકેત વનમાં શ્રી મહાપ્રભુજીની બેઠક, બરસાના નંદગામ. ૮
ચોરાશી કોશની પરિક્રમા મોટી, ધામ ગણ્યા નવ જાયજી;
કુંડે કુંડે ન્હાય તેનાં, પાપ સર્વે જાય. ૯
વ્રજભૂમિમાં અલૌકિક કુંજો, નૌતમ લીલા થાયજી;
માયા છોડી મન લગાવે, તે લીલામાં જાય. ૧૦
વ્રજભૂમિ મહાપ્રભુજી ગુસાંઈજીની બેઠક ગાજેજી;
સાત લાલ સઘળો પરિવાર, લીલા સહિત બિરાજે. ૧૧
શ્રી ઠાકુરજીનું મોસાળ મહેરાણા, તે જાણીને જઈએજી;
શેષશાયીનાં દર્શન કરી, ક્ષીર સાગરમાં ન્હાઈએ. ૧૨
રામ ઘાટ શ્યામ ઘાટ નંદ ઘાટ કહીએ, ચીર ઘાટની લીલા;
ગોપી ઘાટે પ્રેમ કરી, બાલક સરવે જીલ્યા. ૧૩
વૃંદાવનની સેવા કુંજો, બંસી બટને ચોકજી;
અનેક રૂપ ન્યારે સ્વરૂપ, વાહાલાજી બિરાજે ગોખ. ૧૪

દાઉજીને બરફી, પેંડા, માખન મીશ્રી ધરાવ્યાજી;
રમણ રેતીમાં રંગ રસીયાજી ખેલે, ગોપ કૂવે અનુસરીયે. ૧૫
કોયલા ઘાટે વસુદેવજી, શ્રી ઠાકુરજીને લાવ્યાજી;
અરધી રાતે જશોદામાની સેજમાં પધરાવ્યા. ૧૬
જશોદા ઘાટે આનંદ સાગર, વલ્લભ ઘાટ વખાણુંજી
બીજા ઘાટ ઘણેરા કહીએ, લીલા સહિત મન આણું. ૧૭
ઠકુરાણી ઘાટે ગુપ્ત લીલા, શ્રી મહાપ્રભુજીનાં દર્શન
છોકરજી દંડવત્ કરી, મન થયા પરશન. ૧૮
ગોવિંદ ઘાટ જગન્નાથ ઘાટ કહીયે, ઘાટ ઘણેરા કહીએજી;
જન્મ ઘાટે વહુ બેટી, સ્નાન કરે ત્યાં જઈએ. ૧૯
વલ્લભ કુલ વહુ બેટી વૈષ્ણવ, સૌ મથુરામાં આવ્યાજી;
પરિક્રમા પૂરી થઈ, વિશ્રાંતે નેમ છોડાવ્યા. ૨૦
ચોરાશી કોશની પરિક્રમા મોટી, શીખે સુણેને ગાયજી;
જુગલ જોડીના ચરણારવિંદમાં, પ્રાંપ્તિ તેની થાય. ૨૧

* * *

સાંઝીનું ધોળ

ચાલો તો બરસાને જઈએ લાડીલીજીને સાથે લઈએ
જઈને વાલાને કહીએરે - રસિક પ્યારી.
વ્રજબાલા સર્વ મળી કીરતીજીને દ્વારે ચાલી
જઈને રૂડી વાતો કરીએ રે - રસીક પ્યારી.
સાંજી રમવાને માટે કુંવરીને લીધા સાથે,
જાઉં શ્રી જમુનાને ઘાટે રે - રસીક પ્યારી.
કીર્તીજીએ કુંવરી શણગારી રતી રંભાને વીસારી,
એવી રાધે સુકુમારી રે - રસીક પ્યારી.
વ્રજબાળા આવી ત્યાં શ્રી જમુનાજીના કુંજ માંય,
વિવિધ વૃક્ષની છાંય રે - રસીક પ્યારી.
પુષ્પ વીણે સહુબાળા ત્યાં તો આવ્યા નંદલાલા
કરત વિવિધ ખ્યાલ રે - રસીક પ્યારી.

વાલો મારો ગેંદે રમે વ્રજવનિતાને ગમે,
કોટી કામ આવી નમે રે - રસીક પ્યારી.
બાળા પુછે લાલ ફુલ વીણો છો શું કામ,
ક્યાં છે તમારું ગામ રે - રસીક પ્યારી.
સાંજીની તો રીત ન્યારી જુવો ચતુરાઈ અમારી
એમ કહે છે ગીરીધારી રે - રસીક પ્યારી.
લલીતા વિચાર કરે મન મતી મોદ ભરે.
કેમ તેડી જાઉં ઘરે રે - રસીક પ્યારી.
જુવતી એ જુક્તી વિચારી પહેરાવ્યા ચોળીને સાડી
તોય તે ન જાણે માડી રે - રસીક પ્યારી.
સુંદર શણગાર સજ્યા સબળાના અબળા કર્યા
શ્યામ સખી નામ ધર્યા રે - રસીક પ્યારી.

વ્રજબાળા ચાલી ઘરે સાથે લીધા વનમાળી
કંઠે બાહોલી કાળી રે - રસીક પ્યારી.
ચાલ્યા બહુ મદમાતા હળી મળી ગીત ગાતા
આવ્યા શ્રી કીલીંદી કાંઠે રે - રસીક પ્યારી.
નીરખી કીર્તીજી રાણી મન ઘણું હરખાણી
રમવાની રીત જાણી રે - રસીક પ્યારી.
લલીતાને પુછે માત કોણ છે. તમારી સાથ
કોણ એના માત તાત રે - રસીક પ્યારી.
વાસો વસે નંદ ગામ શ્યામ સખી એનું નામ
સાંજી રમવાની હામ રે - રસીક પ્યારી.
કીર્તીજી રળીયાત થઈ સાથે લીધા રાધે શ્યામ
જઈને ભવનમાં બેઠા રે - રસીક પ્યારી.

રાધેશ્યામ સંગરાજ વ્રજ વનિતા સૌ સમાજે
નીરખી આનંદ લાજે રે, - રસીક પ્યારી.
ચંદને શું લીંપી ભીંત ફુલડે સાંજી ચીત્રીત,
પુષ્પ ઘણા છે શોભીત રે - રસીક પ્યારી.
શ્યામ આહીં ઘર તમારું માનો અહીં કીજે વાળું
એટલું કહ્યું માનો મારું રે - રસીક પ્યારી.
લલીતાજી બીડાં આપે રાધે શ્યામ સંગ રાજે.
પુષ્પ ઘણાં છે શોભીત રે - રસીક પ્યારી.
આળસ ભર્યાં છે નેણ તમારા વ્રજ તેના શુભ સેન
જોઈને ચકીત થયા રે - રસીક પ્યારી.
ઉઠો રાધેશ્યામ પ્યારી આવી મળી વ્રજનારી
વિવિધ સામગ્રી સાઝી રે - રસીક પ્યારી.

સર્વે મળી ભોજન કીધા મુખવાસ બીડલા લીધા,
વ્રજ જનને સુખ દીધા રે, - રસીક પ્યારી.
શ્યામ ચાલ્યા સખી સાથે શ્રી જમુનાજી ન્હાવા ને માટે,
આવ્યા કાલીંદીને કાંઠે રે - રસીક પ્યારી.
વસ્ત્રતો ઉતારી લીધાં વનીતાએ હાથ લીધા.
સહું જનને સુખ દીધાં રે - રસીક પ્યારી.
મૈયા વાટ જુવે ધામ મારે જાવું નંદગામ.
આવી બન્યું એવું કામ રે - રસીક પ્યારી.
જસોદાજી ગોતવા ચાલ્યા લાલ દીઠી મન ભાવ્યા
હેતે કરીને બોલાવ્યા રે - રસીક પ્યારી.
મુખ પર ફેરવી હાથ પુછે છે જસોદા માત
કાન કીંયા રહ્યાં રાત રે - રસીક પ્યારી.

વાલે બનાવી વાત સાંભળો જસોદા માત
ગોવર્ધનમાં રહ્યો રાત રે - રસીક પ્યારી.
પાકા ફળ મુજને આપ્યા પ્રેમે કરી માગી લીધા
એની પાસે સેન કીધા રે - રસીક પ્યારી.
વાલાજીની મુખ વાણી સુણી હસીયા સર્વે પ્રાણી
હસીયા જસોદા રાણી રે, - રસીક પ્યારી.
દીસતા છો પ્રભુ પ્યારા શ્રી ગોવર્ધન મોરલી વાળા
જસોદાના કુંવર કાળા રે - રસીક પ્યારી.

* * *

શ્રી ગોવર્ધનવાસીનું પદ

સાખી

૧. બંક ૨. સમ્ર ૩. રસ ૪. દૃષ્ટ હે ૫. દર્શન ૬. મન અભિલાષ; ૭. પૂરણ ૮. લોક ૯. મન્થન ૧૦. રટણ ૧૧ . કુંજ સદન નિજ બાસ.

શ્યામવરણ ગિરિવરધરણ, ગોપીજન ચિત્તચોર;
બ્રજરાજકુંવર જીયમેં બસો, સુન્દર નન્દ કિશોર

રાગ-ગૌરી

શ્રી ગોવર્ધનવાસી સાંવરેલાલ,
તુમ બિન રહ્યો ન જાય હો;
વ્રજરાજ લડેંતે લાડિલે ॥ ધ્રુવ ॥

બંક ચિતે મુસિકાયકેં લાલ,
સુદર બદન દિખાય;
લોચન તલપેં મીન જ્યોં લાલ,
પલ છિન કલ્પ બિહાય હો. ૧

સપ્તક સ્વર બંધાનસોં લાલ,
મોહન વેણું બજાય;
સુરત સુહાઈ બાંધિકે લાલ,
મધુરે મધુર સ્વર ગાય હો. ૨

રસિક રસીલી બોલની લાલ,
ગિરિ ચઢ ગૈયાં બુલાય;
ગાંગ બુલાઈ ઘુમરી લાલ,
ઉંચી ટેર સુનાય હો. ૩

દૃષ્ટિ પરી જા દિવસ તેં લાલ,
તબતેં રુચિ નહિ આન;
રજની નીંદ ન આવહી મોહિ,
વિસર્યો ભોજન પાન હો. ૪

દરસનકોં નયનાં તપે લાલ,
બચન સુનનકોં કાન;
મિલવેકો હિયરા તપે લાલ,
મેરે જીયકોં જીવન પ્રાન હો. ૫

મન અભિલાષા વ્હૈ રહી લાલ,
લગત નૈયન નિમેષ;
ઈક ટક દેખું આવતો પ્યારો,
નટવર ભેષ હો. ૬

પુરાણ શશિમુખ દેખકે લાલ,
ચિત ચોટ્યો વાહી ઠોર;
રૂપ સુધારસ પાનકેં લલ,
સાદર કુમુદ ચકોર હો. ૭

લોક લાજ કુલ વેદકી લાલ,
છાંડ્યો સકલ વિવેક;
કમલ કલિ રંવિ જ્યોં બઢે લાલ,
છિન છિન પ્રીતિ વિશેષ હો. ૮

મન્મથ કોટિક વારને લાલ,
નિરખત ડગમગી ચાલ;
યુવતિ જન મન ફંદના લાલ,
અંબુજ નયન વિશાલ હો. ૯

યહ રટ લાગી લાડિલે લાલ,
જૈસેં ચાતક મોર;
પ્રેમ નીર બરખા કરો લાલ,
નવઘન નંદ કિશોર હો. ૧૦

કુંજ ભવન ક્રીડા કરો લાલ,
સુખનિધિ મદન ગોપાલ;
હમ શ્રી વૃંદાવન માલતી,
તુમ ભોગી ભ્રમર ભૂપાલ હોં. ૧૧

યુગ યુગ અવિચલ રાખિયેં લાલ,
યહ સુખ શૈલ નિવાસ;
શ્રી ગોવર્ધનધર રૂપપેં,
બલિહારી 'ચતુર્ભુજદાસ' હો. ૧૨

સાખી

યહ મેરે અભિલાષ હૈ, પૂરો નંદકુમાર
યહ છબિ પર કોટિક વારણે, તન મન પ્રાણ આધાર,
કહાં કહું રસના એક હૈ, નહીં લક્ષ કરોડ;
કૈસે કરકે બરનવું, દાસ સદા કરજોડ,

શ્રીકૃષ્ણ-સ્વરૂપ

બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણીકારં
બિભ્રદ્વાસઃ કનકકપિશં, વૈજ્યન્તીંચ માલામ્
રન્ધ્રાન્ વેણોરધરસુધયા, પૂરયન્ ગોપવૃન્દૈ
વૃન્દારણ્યં સ્વપદરમણં, પ્રાવિશદ્ ગીતકીર્તિઃ

શ્રી ગોવર્દ્ધનો જયતિ

* * *

આશ્રયના પદ

જય શ્રી વલ્લભ જય

જય શ્રી વલ્લભ જય શ્રી વિઠ્ઠલ જય યમુના શ્રીનાથજી.
કલિયુગના તો જીવ ઉદ્ધાર્યા, મસ્તક ધરિયા હાથજી.
મોર મુકુટ ને કાને કુંડલ, ઉર વૈજંતી માલા જી.
નાસિકા ગજ-મોતી સોહે, એ છબિ જોવા જઈએ જી.
આસપાસ ગૌ બિરાજે, ગ્વાલ મંડલી સાથે જી.
મુખથી વ્હાલો વેણુ બજાવે, એ છબિ જોવા જઈએ જી.
જય શ્રી ગિરિધર જયશ્રી ગોવિંદ જય શ્રી બાલકૃષ્ણ જી.
જય શ્રી ગોકુલપતિ જય શ્રી રઘુપતિ,
જય શ્રી યદુપતિ ઘનશ્યામજી.
શ્રી ગોકુલવાલે, નાથ, મેરી દોરી તુમારે હાથ જી.
જય યમુના શ્રીગોવર્ધન નાથ મહાપ્રભુ શ્રી વિઠ્ઠલ નાથ.
જય જય શ્રી ગોકુલેશ, શેષ ના રહે ક્લેશ.
શ્રી વલ્લભ જુગ જુગ રાજ કરો,
શ્રી વલ્લભ જુગ જુગ રાજ કરો.

શ્રી વલ્લભ વિઠ્ઠલ ગોપીનાથ, દેવકીનંદન શ્રી યદુનાથ
યશોદાનંદન નંદકિશોર, શ્રી મુરલીધર માખણચોર.
સૂરદાસ કૃષ્ણદાસજી, પરમાનંદ કુંભનદાસ જી;
ચતુર્ભુજ નંદદાસજી, છીતસ્વામી ગોવિંદ.
શ્રીવલ્લભદેવકી જે, પ્રાણ પ્યારેકી જે, ગોવર્ધનનાથકી જે,
ચોરાસી વૈષ્ણવકી જે, બસો બાવન ભગવદીયકી જે;
અપને અપને ગુરૂદેવ કી જે

શ્રી ગોવર્ધન કી રહીએ

શ્રી ગોવર્ધન કી રહીએ, તરેટી શ્રી ગોવર્ધન કી રહીએ.
નિત્ય પ્રતિ મદન ગોપાલ લાલકે,
ચરણ કમલ ચિત્ત લઈયે-તરેટી
તન પુલકિત વ્રજ રજમેં લોટત, ગોવિંદ કુંડમેં નાહીએ;
'રસિક' પ્રીતમ હીત ચીત કી બાતેં,
શ્રી ગિરિધારીજી સોં કહીએ-તરેટી

* * *

ગાયો ન ગોપાલ મન લાયો

ગાયો ન ગોપાલ મન લાયો ના નિવારી લાજ પાયો ના પ્રસાદ ભક્ત મંડલીમેં જાયકેં । ધાયો ન ધમક વૃંદા બિપિનકી કુંજનમેં, રહ્યો ન સરન જાય વિઠ્ઠલેસ રાયકેં ॥૧॥ દેખે ના શ્રીનાથજીકોં છક્યો ન છબિલી છબિ, સિંઘપોર પર્યો નહિં સીસ હૂ નવાયકેં । કહે 'હરિ દાસ' તોહિ લાજ હૂ ન આઈ જીવ, જનમ ગંવાયો ન કમાયો કછુ આયકેં ॥૨॥

તજિ મન હરિ-વિમુખનકો સંગ

તજિ મન હરિ-વિમુખનકો સંગ । જાકી સંગત કુબુદ્ધિ ઉપજત, પરત ભજનમેં ભંગ ॥૧॥ ખરકોં કહા અરગજા લેપન, મરકટ ભૂષન અંગ । કાગકોં કહા કપૂર ચુગાવત, શ્વાન ન્હવાવત ગંગ ॥૨॥ કહા ભયો પયપાન કરાવત, બિષ નહીં તજત ભુજંગ । 'સૂર દાસ' પ્રભુ કારી કામરિ પર, ચઢત ન દૂજો રંગ ॥૩॥

જૈસો હોં તેસો તિહારો

જૈસો હોં તેસો તિહારો શ્રી વલ્લભ અબ જિન છાંડિ દેહુ મોહિ કરતેં । બાંહ ગહેકી લાજ મન ધરિ હો, નહિ ભરોસોં મોહિ સાધન બલતેં ॥૧॥ તુમ તજિ ઔર ઢોર નહિં મોકોં, જાસોં કહોં જાય દુખ ભરોં । 'રસિક' સિરોમનિ શ્રીવલ્લભ મહાપ્રભુ, રાખૌ ચરન સરન ભવ ડરતેં ॥૨॥

હમારે શ્રી વિઠ્ઠલનાથ ધની

હમારે શ્રી વિઠ્ઠલનાથ ધની । ભવ સાગરતેં કાઢિ મહા પ્રભુ, રાખૌ સરન અપની ॥૧॥ નિસિદિન જાકો નામ રટત હૈ સેસ સહસ્ર ફની । 'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, ત્રિભુવન મુકુટમની ॥૨॥

દૃઢ ઈન ચરણન કેરો ભરોંસો

દઢ ઈન ચરણન કેરો ભરોંસો, દઢ ઈન ચરણન કેરો.
શ્રી વલ્લભ નખચંદ્ર છટા બિન,
સબ જગમાંઝ અંધેરો-ભરોંસો. ૧
સાધન ઔર નહીં યા કલિમેં, જાસૂં હોય નિવેરો;
'સૂર' કહા કહે દ્વિવિધ આંધરો,
બિના મોલ કો ચેરો-ભરોંસો. ૨

* * *

મેરે તો તુમ હો શ્રી વલ્લભ સ્વામી

મેરે તો તુમ હો શ્રી વલ્લભ સ્વામી,
મેરે અંતર કી ગતિ જાણો અંતરજામી
તુમ તો હો બડે દીન દયાલ હોં જૈસો નહીં કામી,
'રસિક' વિનંતિ કરે ચરણ શિષ નામી-મેરે.

* * *

ખેલના દિવસોમાં ગવાતું આશ્રયનું પદ

શ્રી વલ્લભ પ્રભુ કરુણાસાગર,
જગત ઊજાગર ગાઈએ.
શ્રી વલ્લભ કે ચરણકમલ કી
બલ બલ બલ બલ જાઈએ.
શ્રી વલ્લભ સૃષ્ટિ સમાજ સંગમીલ,
જીવન કો ફલ પાઈએ.
શ્રી વલ્લભ ગુન ગાઈએ,
યાં તે રસિક કહાઈએ

* * *

કંઠસરીનો મહિમા

અડેલમાં શ્રી મહાપ્રભુજી બિરાજે,
ગૃહસ્થાશ્રમ ભોગવવા કાજે,
માત ઈલ્લમાગારૂજી સાથે,
અક્કાજી સાથે સોહાય છે રે... (૧)

ત્રિવેણી સંગમ જ્યાં આગળ પાસે,
પુષ્પો મલ્લિકાનાં બહુ મહેકાએ,
અલિગણ ગુંજારવ જ્યાં થાએ,
એવું અડેલ સોહામણું રે... (૨)

સુંદર પક્ષીઓના સાદ સોહાએ,
રમણિય સ્થળ જોઈ સૌ હરખાએ,
વલ્લભને મન આનંદ થાએ,
સુખી શાંતિ બિરાજતા રે... (૩)

પાંચ દેવની પુજા સસરાએ આપી,
ચાર દેવને શ્રી ગંગાજીમાં સ્થાપિ,
(શ્રી) ગોકુલનાથજીને સાથે રાખી,
નવનિત પ્રિયાજી સાથે સેવતા... (૪)

વડીલો પાસેથી મળ્યા મદનમોહનજી,

ત્રણે સ્વરૂપો સેવે તન મન ધનથી,
હળીમળીને સૌ સાથે રહીને,
ગૃહસંસાર નિભાવતાં..... (૫)

પંડિતો ચર્ચા કરવાને આવે,
વલ્લભ આદર દઈને બોલાવે,
વાદ વિવાદમાં વખત વિતાવે,
સેવામાં વિલંબ થાય છે રે..... (૬)

ઉત્થાપન સમયે પ્રભુજી જાગ્યા,
આગળ પાછળ જોવા લાગ્યા,
કોઈ નવ દીઠું પ્રભુજીએ પાસે,
તરસે આકુળ વ્યાકુળ થાય છે રે..... (૭)

ધીરે રહીને કહે નવનિત પ્રિયાજી,
મારી પાસે આવો ઈલ્લમાં માજી,
પ્યાસ લાગી મને પાણી પાઓ,
ઉત્થાપન ભોગ ધરાવજો રે..... (૮)

આનાકાની કરે ઈલ્લમાં ગારુ,
બ્રહ્મસંબંધ નથી થયું અમારું,
વલ્લભ જાણે તો ખીજે અમને,
શી રીતે સેવામાં આવીએ રે..... (૯)

શુધ્ધ સ્થાન કરી અપરસમાં આવો,
તુલસી ક્યારેથી તુલસીદલ લાવો,
બ્રહ્મસંબંધ કરાવું હું તમને,
સેવાનું સુખ પામશો રે..... (૧૦)

આજ્ઞા સુણીને થયા રાજી રાજી,
સ્નાન કરી આવ્યા ઈલ્મા માજી,
ગુરૂ બન્યા શ્રી નવનીત પ્રિયાજી,
બ્રહ્મસંબંધ કરાવીયું રે..... (૧૧)

તુલસીદલ નવનિત પ્રિયાજી લીધા,
(શ્રી) ગોકુલનાથજીના ચરણે દીધાં,
દીક્ષા લઈને સમર્પણ કીધાં,
સેવાનું સુખ પામીયાં રે..... (૧૨)

સ્વચ્છ જળે શ્રી ઝારીજી, ભરીને,
ઉત્થાપને મેવા ભોગ ધરીને,
વલ્લભ કાની' એ આરોગો પ્રભુજી,
વિનંતી મારી સ્વકારજો રે..... (૧૩)

નવનિત પ્રિયાજી થયાં બહુ રાજી,
ભેટ અમારી લાવો માજી,
પ્રફુલ વદને કહે નવનિત પ્રિયાજી,
આનંદ ઉરમાં થાય છે રે..... (૧૪)

કંઠેથી ઉતારી મોતીની માળા,
કંઠે ધરો તમે નંદના લાલ,
બલિહારી જાઉં ઓવારણાં લઉં હું,
મારી સેવા સ્વીકારજો રે..... (૧૫)

કંઠીસરી કંઠે શોભે સદાએ,
માજીના ભાવે સદા ધરતા એ,
માજીની અર્પેલી સઘળી વસ્તુ,
પ્રભુ પ્રીતેથી આરોગતા રે..... (૧૬)

ચર્ચા પુરી થયે વલ્લભ આવ્યા,
સેવામાં માતાને જોઈ ખીજાયા,
પક્ષ લઈ પ્રભુએ કહી દીધું,
બ્રહ્મ સંબંધ મેં કરાવીયું રે..... (૧૭)

સુણી વલ્લભ મનમાં હરખાયા,
નવનિત પ્રિયાજીને લાડ લડાવ્યા,
આનંદ ઉત્સવ માન્યો મોટો,
બહું વિધ ભોગ ધરાવીયા રે..... (૧૮)

કંઠસરી મહિમા ગાવે ગવડાવે,
નવનિત પ્રિયાજી તેના ઉરમાં આવે
નટપુરવાસી પુરૂષોત્તમે ગાયો,
દાસને દર્શન આપજો રે..... (૧૯)

* * *

ગોસ્વામી શ્રી દ્વારકેશજી વિરચિત

શ્રીગિરિરાજ - નામાવલી

૧. શ્રી ગોવર્ધનાય નમઃ
૨. શ્રી ગિરિવરાય નમઃ
૩. શ્રી ગિરિરાજાય નમઃ
૪. શ્રી ગો ગોપગોપી રક્ષકાય નમઃ
૫. શ્રી કૃષ્ણાતપત્રાય નમઃ
૬. શ્રી નંદાદિકૃતપ્રદક્ષિણાય નમઃ
૭. શ્રી મન નવનીતપ્રિય પૂજિતાય નમઃ
૮. શ્રી માનસીગંગા જલસ્નાપિતાય નમઃ
૯. શ્રી શ્વેતગોદુગ્ધસ્નાપિતાય નમઃ
૧૦. શ્રી પુનર્ગંગાજલ પ્રક્ષાલિતાય નમઃ
૧૧. શ્રી ચંદનચર્ચિતાય નમઃ
૧૨. શ્રી કૃતકુંકુમ તિલકાય નમઃ
૧૩. શ્રી પીતાક્ષતશોભિતભાલાય નમઃ

૧૪. શ્રી શોભિતપીતાંબરવપુષે નમ:
૧૫. શ્રી ધૃતનાનાકુસુમસ્રજે નમ:
૧૬. શ્રી હરિદ્રાકત હસ્તાંકિતાય નમ:
૧૭. શ્રી અંગીકૃત ધૂપદીપાય નમ:
૧૮. શ્રી ચતુર્દિગ્ધૃતદીપસમૂહાય નમ:
૧૯. શ્રી પકવાન્નભોજનપરાય નમ:
૨૦. શ્રી ધન્યાર્પિતાંઘ્રિતુલસીનવ દામ્ને નમ:
૨૧. શ્રી કૃતશંખોદકપ્રોક્ષણાય નમ:
૨૨. શ્રી પીતશ્રીયમુનાજલાય નમ:
૨૩. શ્રી કૃત શ્રીયમુના જલ આચમનાય નમ:
૨૪. શ્રી વસ્રપોંછિત મુખાંભુજાય નમ:
૨૫. શ્રી ચર્વિતતાંબૂલ યુગલાય નમ:
૨૬. શ્રી ઉત્તારિતા રાર્તિકાય નમ:
૨૭. શ્રી દત્તગોપાલ ભાલતિલકાય નમ:
૨૮. શ્રી સર્વેભ્યો દત્તપકવાન્ન ભોજનાય નમ:
૨૯. શ્રી ગોપાલશિરોબદ્ધવસનાય નમ:
૩૦. શ્રી ગોપાલપૃષ્ઠકુંકુમારકત હસ્તાંકનાય નમ:

૩૧. શ્રી કારિતગોક્રીડનય નમ:
૩૨. શ્રી કૃષ્ણાન્યતમરૂપાય નમ:
૩૩. શ્રી ગોપવિશ્રંભણગતાય નમ:
૩૪. શ્રી પૂરીતાન્નકૂટાય નમ:
૩૫. શ્રી બૃહદ્વપુષે નમ:
૩૬. શ્રી પ્રકટિત સહસ્રભુજાય નમ:
૩૭. શ્રી અંગીકૃત વિવિધ વ્યંજનાય નમ:
૩૮. શ્રી ભક્ષિતભૂરિબલયે નમ:
૩૯. શ્રી પ્રસારિતબાહૂવે નમ:
૪૦. શ્રી ગૃહીતદૂરસ્થિતબલયે નમ:
૪૧. શ્રી પીતપાનકાય નમ:
૪૨. શ્રી ધૌતમુખહસ્તાંબુજાય નમ:
૪૩. શ્રી મુખવસન પ્રોંછિતાદ્રાંગાય નમ:
૪૪. શ્રી ગૃહીતતાંબૂલ વૃન્દાય નમ:
૪૫. શ્રી સર્વદૃષ્ટાન્નકૂટભુજે નમ:
૪૬. શ્રી શિરોધૃતપીતદુકૂલાય નમ:
૪૭. શ્રી કંઠશોભિત મોકિતકમાલા સમૂહાય નમ:

૪૮. શ્રી ધૃતગુંજાપુંજાય નમઃ
૪૯. શ્રી મયૂરપિચ્છધારિણે નમઃ
૫૦. શ્રી લલિતાદર્શિતાય નમઃ
૫૧. શ્રી વ્રજવાસીસંસ્તુતાય નમઃ
૫૨. શ્રી કૃષ્ણકૃતપ્રદક્ષિણાય નમઃ
૫૩. શ્રી કૃતાનુગ્રહાય નમઃ
૫૪. શ્રી કામરૂપિણે નમઃ
૫૫. શ્રી કૃતાવજ્ઞાજનહંત્રે નમઃ
૫૬. શ્રી સુન્દરસુભગશરીરાય નમઃ
૫૭. શ્રી વિશાલનયનાય નમઃ
૫૮. શ્રી ઈન્દ્રયાગભોક્ત્રે નમઃ
૫૯. શ્રી આત્મગોશર્મણે નમઃ
૬૦. શ્રી કોપિતમહેન્દ્રાય નમઃ
૬૧. શ્રી તુચ્છીકૃતપુરંદરાય નમઃ
૬૨. શ્રી શક્રપ્રેષિતસાંવર્તક મેઘ પશ્યકાય નમઃ
૬૩. શ્રી જલૌઘપ્લાવિતભૂમૌ સ્થિતાય નમઃ
૬૪. શ્રી પાકશાસનપીડિત શરણાગતનંદાય નમઃ

૬૫. શ્રી શરણાગત ગોપાદિકૃતાનું કંપાય નમઃ
૬૬. શ્રી કૃષ્ણેચ્છયાવર્તુલી કૃતાત્મને નમઃ
૬૭. શ્રી કૃષ્ણકરપલ્લવોપરિનૃત્યમાનાય નમઃ
૬૮. શ્રી કૃષ્ણાંગુલિષુ કૃતવિલાસાય નમઃ
૬૯. શ્રી કૃષ્ણ મુરલી સ્વર સ્થિતાય નમઃ
૭૦. શ્રી ગોકુલ પ્રાણકારકાય નમઃ
૭૧. શ્રી કૃષ્ણબાહુકૃતછાયાય નમઃ
૭૨. શ્રી સુદર્શનાતપત્રાય નમઃ
૭૩. શ્રી સ્વતલવાસિતોવ્રજૌકસે નમઃ
૭૪. શ્રી ત્રાણસ્વસ્થિત પશુમૃગ પક્ષિણે નમઃ
૭૫.. શ્રી રસિકજનસંસ્તુતાય નમઃ
૭૬. શ્રી પીતવૃષ્ટ્યુદકાય નમઃ
૭૭. શ્રી કોકિલકૂજિત કુંજપુંજાય નમઃ
૭૮. શ્રી ભૃંગાચ્છાદિત પુષ્પિતદ્રુમાય નમઃ
૭૯. શ્રી બર્હિનૃત્યશોભિતાય નમઃ
૮૦. શ્રી પદ્માચ્છાદિત સરોવર વેષ્ટિતાય નમઃ
૮૧. શ્રી સુનિર્ઝરદરીયુતાય નમઃ

૮૨. શ્રી રત્નધાતુમયાય નમઃ
૮૩. શ્રી મતે નમઃ
૮૪. શ્રી સુપક્ષીગણ સંકુલાય નમઃ
૮૫. શ્રી સમ્રાહમચ્યુતકરસ્થિતાય નમઃ
૮૬. શ્રી ધર્ષિતશક્રસૈન્યાય નમઃ
૮૭. શ્રી પલાયિતસાનુગેન્દ્રનાગાય નમઃ
૮૮. શ્રી બહિઃસ્થાપિતવ્રજ જનાય નમઃ
૮૯. શ્રી કૃષ્ણ વક્ષઃ સ્થલોદ્‌ભવાય નમઃ
૯૦. શ્રી નંદાસિસંસ્તુતાય નમઃ
૯૧. શ્રી શક્રાખર્વગર્વભિદે નમઃ
૯૨. શ્રી સુરભીંદ્રદિકૃતાભિષેકાય નમઃ
૯૩. શ્રી ગોવિંદનામાંકિતાય નમઃ
૯૪. શ્રી સ્થાપિત શ્રીકૃષ્ણહસ્તાંકિતાય નમઃ
૯૫. શ્રી કૃષ્ણચરણાંકિત સર્વ શરીરાય નમઃ
૯૬. શ્રી હરિદાસ વર્યાય નમઃ
૯૭. શ્રી સકલવિધસાનુગ શ્રીકૃષ્ણસેવાકૃત્યે નમઃ
૯૮. શ્રી બલમોહન હૃદ્રુચિતાય નમઃ

૯૯. શ્રી હર્યર્પિત કંદમૂલફલાય નમઃ
૧૦૦. શ્રી શિલામયસિંહાસન કૃતયે નમઃ
૧૦૧. શ્રી પશવ્ય તૃણાચ્છાદિત દેહાય નમઃ
૧૦૨. શ્રી શીતલશિવસલિલ વાહિ નિર્ઝરણાય નમઃ
૧૦૩. શ્રી રામકૃષ્ણ ચરણસ્પર્શ પુલકિત કુસુમિત
દ્રુમાય નમઃ
૧૦૪. શ્રી ગોવિન્દદાસાદિગીતકીર્તયે નમઃ
૧૦૫. શ્રી સંપૃષ્ટનંદાદિનામ્ને નમઃ
૧૦૬. શ્રી શૈલોસ્મીતિ બ્રુવાણાય નમઃ
૧૦૭. શ્રી મહદ્‌ભાગ્યવતે નમઃ
૧૦૮. શ્રી કોમલકરોત્થાપિતાય નમઃ
૧૦૯. શ્રી પ્રેમમુદિત ગોપિકાવર્ણિત ચરિત્રાય નમઃ

।। ઈતિ શ્રીગિરિરાજ-નામાવલી સંપૂર્ણ ।।

શ્રી સુદર્શનકવચ

શ્રી ગોપીજનવલ્લભાય નમઃ ।। ।।શ્રીગોવર્ધનધારિણે નમઃ ।।

વૈષ્ણવાનાં હિ રક્ષાર્થં શ્રીવલ્લભનિરૂપિતઃ,
સુદર્શનમહામન્ત્રો વૈષ્ણવાનાં હિતાવહઃ ૧

વૈષ્ણવોની રક્ષા માટે શ્રી વલ્લભાચાર્યે પ્રગટ કરેલો સુદર્શનકવચ નામનો મહામંત્ર વૈષ્ણવોનો પરમ હિતકારી છે ૧

મંત્રા મધ્યે નિરૂપ્યન્તે ચક્રાકારં ચ લિખ્યતે,
ઉત્તરાગર્ભરક્ષા ચ પરીક્ષિતહિતે રતઃ ૨.

મંત્રો મધ્યમાં નિરૂપવામં આવે છે અને ચક્રાકારે લખાય છે; અને વાંચીને હૃદયમાં ધારણ કરવાથી દરેક વ્યાધિનો નાશ થાય છે; જેમ ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિત રાજાનો અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રથી બચાવ થયો ૨

બ્રહ્માસ્ત્રાવરણં ચૈવ ભક્તાનાં ભયભંજનઃ,
વધં ચ દુષ્ટદૈત્યાનાં ખંડં ખંડં ચ કારયેત્. ૩

પરીક્ષિત ઉપર અશ્વત્થામાએ ફેકેલા બ્રહ્માસ્ત્રનું વારણ કરનાર ભગવાન ભક્તોના ભય દૂર કરે છે અને દુષ્ટોનો નાશ ટુકડે ટુકડે કરે છે ૩

વૈષ્ણવાનાં હિતાર્થાય ચક્રં ધારયતે હરિઃ,
પીતામ્બરો પરબ્રહ્મ વનમાલી ગદાધરઃ ૪

વૈષ્ણવોના હિતને માટે આ સુદર્શન ચક્ર પ્રભુ ધારણ કરે છે અને પીતાંબર પરબ્રહ્મ પ્રભુ વનમાળા ધારી હાથમાં ગદા તથા સુદર્શન ચક્ર લઈને ભક્તોનું રક્ષણ કરે છે ૪

કોટિકન્દર્પલાવણ્યો ગોપિકાપ્રાણવલ્લભઃ
શ્રીવલ્લભઃ કૃપાનાથો ગિરિધરઃ શત્રુમર્દનઃ ૫

પ્રભુ કેવા છે? કરોડ કામદેવ જેવા સુંદર અને ગોપીઓના પ્રાણાધાર, પ્રાણવલ્લભ, કૃપાળુ અને ભક્તોને માટે ગોવર્ધન ધારણ કરીને ઈન્દ્રના ગર્વનું ખંડન કરવાવાળા છે ૫

દવાગ્નિદર્પહર્તા ચ ગોપીનાં ભયનાશનઃ,
ગોપાલો ગોપકન્યાભિઃ સમાવૃત્તોઽધિતિષ્ઠતે. ૬

દવાનળ અગ્નિથી અને દર્પથી બચાવનાર, ગોપીઓના ભયનો નાશ કરવાવાળા, ગોપાળ (એટલે ઈંદ્રિયોના સ્વામી અને ગાયોમાં પ્રેમભાવવાળા), ગોપકન્યાઓથી વીંટાયેલા છે ૬

વ્રજમણ્ડલપ્રકાશી ચ કાલિન્દીવિરહાનલઃ,
સ્વરૂપાનન્દદાનાર્થં તાપનોત્તરભાવનઃ ૭

વ્રજમંડળને પ્રકાશ આપવાવાળા તથા યમુનાજીના હૃદયમાં વિરહના અગ્નિરૂપ, ગોપીઓને સ્વરૂપના આનંદનું દાન દેવા પ્રથમ તાપ અપાવી પછી પ્રકટ થનારા પ્રભુ છે ૭

નિકુંજવિહારભાવાગ્ને દેહિ મે નિજદર્શનમ્,
ગોગોપિકાશ્રુતાકીર્ણો વેણુવાદનતત્પરઃ ૮

વ્રજની કુંજોમાં વિહાર કરવાવાળા હે અગ્નિરૂપ પ્રભુ, અમને નિજ દર્શન આપો. ગાય અને ગોપિકાઓના શ્રવણથી ભરેલા અને વેણુનાદથી મોહિત કરવાવાળા ૮

કામરૂપી કલાવાંશ્ચ કામિનીકામદો પ્રભુઃ,
મન્મથો મથુરાનાથો માધવો મકરધ્વજઃ ૯

કામરૂપી એટલે કિશોર અવસ્થાવાળા, સર્વ કલાઓના નિધિ, કામિનીઓને કામનું દાન કરનાર, વિભુ, કામદેવ, મથુરાના નાથ માધવ, અને જેમની ધજાઓ મકર છે તેવા ૯

શ્રીધરઃ શ્રીકરશ્ચૈવ શ્રીનિવાસઃ સતાં ગતિઃ,
મુક્તિદો ભુક્તિદો વિષ્ણુર્ભૂધરો ભૂતભાવનઃ ૧૦

દિવ્ય સંપતિને ધારણ કરનારા, જેનો હાથ લક્ષ્મીરૂપ અને કલ્યાણકારી છે એવા, લક્ષ્મીના નિવાસસ્થાન, સત્યપુરુષોની ગતિરૂપ, મોક્ષ દેનારા, ભોગ દેનારા, વિષ્ણુ (સર્વ વ્યાપક), પૃથ્વીને ધારનારા, સર્વ ભૂતોની ઉત્પતિ અને વૃદ્ધિ કરનારા ૧૦

સર્વદુઃખહરો વીરો દુષ્ટદાનવનાશકઃ,
શ્રીનૃસિંહો મહાવિષ્ણુઃ શ્રીનિવાસઃ સતાંગતિઃ ૧૧

સર્વનાં દુઃખ હરવાવાળા, વીર દુષ્ટ દાનવોનો નાશ કરવા વાળા, શ્રી નરસિંહ, મહાવિષ્ણુ, કમળના ધામ અને સત્પુરુષોની ગતિરૂપ ૧૧

ચિદાનન્દમયો નિત્યઃ પૂર્ણબ્રહ્મ સનાતનઃ,
કોટિભાનુપ્રકાશી ચ કોટિલીલાપ્રકાશવાન્. ૧૨

સત્ ચિત્ આનંદમય, નિત્ય, પૂર્ણબ્રહ્મ, સનાતન એટલે સદા રહેનારા, કરોડો સૂર્યના પ્રકાશવાળા, કરોડો લીલાઓને પ્રકટ કરવાવાળા ૧૨

ભક્તિપ્રિયઃ પદ્મનેત્રો ભક્તાનાં વાંછિતપ્રદઃ
હૃદિ કૃષ્ણો મુખે કૃષ્ણો નેત્રે કૃષ્ણશ્ચ કર્ણયોઃ ૧૩

ભક્તોના પ્યારા, કમળ જેવા નેત્રવાળા, ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવાવાળા, હૃદયમાં કૃષ્ણ, મુખમાં કૃષ્ણ, નેત્રમાં કૃષ્ણ, કાનમાં કૃષ્ણ (કૃષ્ણધ્વનિઅહર્નિશ સાંભળી રહું) ૧૩

ભક્તિપ્રિયશ્ચ શ્રીકૃષ્ણઃ સર્વં કૃષ્ણમયં જગત્,
કાલં મૃત્યું યમં, દૂતં ભૂતં પ્રેતં ચ પૂર્યતે. ૧૪

ભક્તિ જેમને વહાલી છે તેવા શ્રીકૃષ્ણ. આખાયે જગતને કૃષ્ણરૂપે દેખુ. કાળ, મૃત્યુ, યમ યમદૂત, ભૂત, પ્રેત એ બધાં જેમાં સમાઈ જાય છે ૧૪

ૐ નમો ભગવતે મહાપ્રતાપાય મહાવિભૂતિપતયે
વજ્રદેહ - વજ્રકાય - વજ્રતુંડ - વજ્રનખ -
વજ્રમુખ - વજ્રબાહુ - વજ્રનેત્ર - વજ્રદંત -

વજ્રકરકમઠભૂમાત્મકરાય.

મહાપ્રતાપી, મહાન વિભૂતિના પતિ, વજ્રદેહી, વજ્રમસ્તકવાળા, વજ્રનખવાળા, વજ્રમુખવાળા, વજ્રબાહુવાળા વજ્ર સમાન નેત્ર, વજ્ર સમાન દંત, વજ્ર સમાન પીઠ, કચ્છપરૂપો મેરુ પર્વતને ધારણ કરવાવાળા ભગવાનને નમસ્કાર.

શ્રીમકરપિંગલાક્ષ - ઉગ્રપ્રલયકાલાગ્નિ - રૌદ્રવીર

- ભદ્રાવતાર - પૂર્ણબ્રહ્મ-પરમાત્મને ઋષિમુનિવન્દ્ય-શિવાસ્ત્ર-બ્રહ્માસ્ત્ર- વૈષ્ણવાસ્ત્ર-નારાયણાસ્ત્ર-કાલશક્તિ-કાલદંડ-કાલપાશ-અધોરાસ્ત્રનિવારણાય પાશુપતાસ્ત્ર-મૃડાસ્ત્ર-સર્વશક્તિપરાસ્તકરાય.

મત્સ્યના જેવા પીળાં નેત્રવાળા, ઉગ્ર પ્રલયમાં કાળઅગ્નિનું રૂપ લેનાર, ભયંકરમાં ભયંકર થઈને રોદ્રરૂપ ધારણ કરવાવાળા, અને પછી ભદ્ર અવતાર લઈ સૌમ્ય થઈને પૂર્ણ પરબ્રહ્મ, ઋષિમુનિઓને વંદન કરવા યોગ્ય, શંકરનું ત્રિશૂળ, યમદંડ, વૈષ્ણવાસ્ત્ર, નારાયણાસ્ત્ર, કાલશક્તિ અને કાળદંડ, કાળપાશ એટલે યમફાંસી અને અધોરાસ્ત્રનું નિવારણ કરવાવાળા, પાશુપતાસ્ત્ર, મૃડાસ્ત્ર અને સર્વ શક્તિને પરાસ્ત કરનારા પ્રભુને નમસ્કાર.

પરવિદ્યાનિવારણાય અતિદીપ્તાય અથર્વવેદ-ઋગ્વેદ-સામવેદ-યજૂર્વેદ-સિદ્ધકરાય નિરાહારાય.

પરિવિદ્યાને દૂર કરવાવાળા, અતિપ્રકાશિત, અથર્વવેદ, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદને સિદ્ધ કરવાવાળા, નિરાહાર પ્રભુને નમસ્કાર.

વાયુવેગ-મનોવેગ-શ્રીબાલકૃષ્ણ પ્રતિષ્ઠાનન્દકર સ્થલજલાગ્નિગમને ભયં ભેદિભેદિ.

હે વાયુના જેવા વેગવાળા, મનના વેગવાળા, હે બાલકૃષ્ણ, (ભકતની) પ્રતિષ્ઠામાં આનંદ કરનાર પ્રભુ સ્થળ-જળ-અગ્નિની ગતિમાં ભયને ભેદી નાખો.

સર્વશત્રૂન્ છેદિ છેદિ, મમ વૈરિણઃ ખાદયોત્ખાદય, સંજીવન દુઃખપર્વતાનુચ્ચાટયોચ્ચાટય, ડાકિની-શકિનીવિધ્વંસકરાય મહાપ્રતાપાય નિજલીલાપ્રદર્શકાય।

સર્વ શત્રુઓનું છેદન કરો. હે મહાપ્રભુ, મારા શત્રુઓનો નાશ કરો. હે સંજીવન પ્રભુ, દુઃખના

પર્વતોને ઉખેડી નાખો. ડાકણી અને શાકણીનો વિદ્વંસ કરનાર, મહાપ્રતાપી, પોતાની લીલાઓનું દર્શન કરાવનાર, પ્રભુને નમસ્કાર.

નિષ્કલંકૃત્ નન્દકુમારબટુકબ્રહ્મચારિન્નિકુંજસ્થ-ભક્તસ્નેહકરાય દુષ્ટજનસ્મમ્ભનાય સર્વપાપગ્રહ-કુમાર્ગગ્રહાન્ છેદય છેદય, ભિન્દિ ભિન્દિ, ખાદય ખાદય કંટકાન્ તાડય, મારય મારય શોષય શોષય, જ્વાલય જ્વાલય ।

ભક્તોને નિષ્કલંક કરનાર હે નંદકુમાર, બટુક બ્રહ્મચારી, કુંજમાં વિહાર કરવાવાળા, ભક્તોના સ્નેહી, દુષ્ટ વિરોધીજનોને સ્તંભન એટલે મૂઢ બનાવનાર, આપને નમસ્કાર, મારા સર્વ પાપગ્રહો અને પાપગ્રહોનું છેદન કરો, છેદન કરો; ભેદી નાખો; ભેદી નાખો; ખાઈ જાઓ ખાઈ જાઓ; કાંટારૂપ શત્રુઓને પ્રહાર કરો, મારો; સૂકવી નાખો, સૂકવી નાખો, સળગાવી મૂકો, સળગાવી મૂકો.

સંહારય સંહારય (દેવદત્ત) નાશય નાશય અતિ શોષય, શોષય, મમ સર્વત્ર રક્ષ રક્ષ મહાપુરુષાય સર્વદુ:ખવિનાશનાય ગ્રહમંડલભૂતમંડલ-પ્રેતમંડલ પિશાચમંડલ-ઉચ્ચાટન- ઉચ્ચાટનાય.

મારા વેરીઓનો સંહાર કરો, સંહાર કરો, નાશ કરો, નાશ કરો, ખૂબ સૂકવી નાખો, સૂકવી નાખો, મારી સર્વત્ર રક્ષા કરો, રક્ષા કરો. આપ મહાપુરુષ અને સર્વ દુ:ખોનો નાશ કરનારને નમસ્કાર.

ગ્રહમંડળ-ભૂતમંડળ પ્રેત મંડળ અને પિશાચમંડળને ઉખેડી નાખનાર પ્રભુને નમસ્કાર.

અંતર્ભવાદિકજ્વર-માહેશ્વરજ્વર-વૈષ્ણવજ્વર-બ્રહ્મજ્વર-વિષમજ્વર-શીતજ્વર-વાતજ્વર કફજ્વર-એકાહિક-દ્વયહિક-ત્ર્યહિક-ચાતુર્થિક-અર્ધમાસિક-માસિક-ષાણ્માસિક-સંવત્સરા-દિકાન્ ભ્રમિ ભ્રમિ છેદય છેદય ભિન્દિ ભિન્દિ.

આંતરિક, માહેશ્વર, વૈષ્ણવ, બ્રહ્મજ્વર, વિષમ,

ટાઢિયો, વાયુ, કફ, એકાંતરો, બેઆંતરો, તરિયો, ચોથિયો, પાક્ષિક, માસિક છમાસિક અને વાર્ષિક તાવ વગેરેને મૂંઝવી નાખો, મૂંઝવી નાખો, કાપી નાખો, કાપી નાખો, ભેદી નાખો, ભેદી નાખો.

મહાબલપરાક્રમાય મહાવિપત્તિનિવારણાય ભક્તજનકલ્પનાકલ્પ-દ્રુમાય દુષ્ટજનમનોરથસ્તમ્ભનાય.

મહાબળ અને પરાક્રમવાળા, મોટી વિપત્તિનું નિવારણ કરવાવાળા, ભક્તજનોની કલ્પના માટે કલ્પવૃક્ષ (દેવલોકના વૃક્ષની જેમ વસ્તુ માગે તે આપવાવાળા) સમાન, દુષ્ટ શત્રુઓના ખોટા મનોરથને રોકનાર પ્રભુને નમસ્કાર.

કલીં કૃષ્ણાય ગોવિંદાય ગોપીજનવલ્લભાય નમઃ

કૃષ્ણ, ગોવિંદ, ગોપીજનોના પ્રાણવલ્લભ એવા પ્રભુને નમન કરીએ છીએ.

પિશાચન્ રાક્ષસાન્ ચૈવ હૃદિ રોગાંશ્ચ દારુણાન્,
ભૂચરાન્ ખેચરાન્ સર્વડાકિનીઃ શાકિનીસ્તથા.૧૫

પ્રભુ આપ મારા વિરોધી પિશાચ, રાક્ષસ અને દારુણ હૃદય રોગ તથા પૃથ્વી ઉપર અને આકાશમાં વિચરવાવાળા, - બધી ડાકિણી અને શાકિણી ૧૫

નાટકં ચેટકં ચૈવ ચ્છલચ્છિદ્રં ન દશ્યતે,
અકાલે મરણં તસ્ય શોકદોષો ન લભ્યતે. ૧૬

તથા નાટક, ચેટક, ખરાબ સ્વપ્નાં વગેરે ન જોઈ શકાય તેમ જ અકાળ મરણ અને શોક પ્રાપ્ત ન થાય (તેમ કરો) ૧૬

સર્વવિઘ્નં ક્ષયં યાતિ રક્ષસ્વ ગોપિકાપ્રિય,
ભયં દાવાગ્નિચૌરાણાં વિગ્રહે રાજસંકટે. ૧૭

મારાં તમામ વિઘ્નોનો નાશ થાય એવું કરો અને દાવાનળ ચોર આદિ તેમ જ યુદ્ધ અને રાજસંકટના

ભયથી હે ગોપીજનોના પ્રિય એવા શ્રીકૃષ્ણ ભગવાન મારું રક્ષણ કરો ૧૭

વ્યલવ્યાઘ્રમહાશત્રુવૈરિબન્ધો ન લભ્યતે,
આધિવ્યાધિહરશ્ચેવ ગ્રહપીડાવિનાશને. ૧૮

સર્પ, વાઘ આદિ ભયંકર પ્રાણીઓ તેમજ મહાશત્રુઓ તરફથી વેર બંધન ન થાય એમ કરો, તેમજ ગ્રહપીડા તથા સંસારની આધિવ્યાધિ સર્વના આપ હરણ કરનાર થાઓ ૧૮

સંગ્રામજયદસ્તસ્માદ્ ધ્યાયેદેવં સુદર્શનમ્,
સપ્તદશ ઈમે શ્લોકા યંત્રમધ્ય ચ લિખ્યતે.

સંગ્રામમાં વિજય આપવાવાળા છે તેથી આ સુદર્શન રૂપ દેવનું ધ્યાન ધરવું. આ ૧૭ શ્લોકો છે. આ સુદર્શન કવચ ચક્રાકાર યંત્રમાં લખીને પોતાની પાસે રાખવાથી તમામ પ્રકારના ભયથી મુક્ત થવાય છે.

વૈષ્ણવાનામિદં યંત્રમન્યેભ્યશ્ચ ન દીયતે,
વંશવૃદ્ધિર્ભવેત્તસ્ય શ્રોતા ચ ફલમાપ્નુયાત્.

વૈષ્ણવ એટલે વિષ્ણુના ભક્તોનું આ યંત્ર બીજાઓને દેવાનું નથી. એમ કરવાથી વંની વૃદ્ધિ થાય છે તેમ જ સાંભળનારને પણ ફળ દેનાર છે.

સુદર્શનમહામન્ત્રો લભતે જયમંગલમ્.
સર્વદુઃખહરશ્ચૈષઃ અંગશૂલ-અક્ષશૂલ-ઉદરશૂલ-ગુદશૂલ-કટિશૂલ-કુક્ષિશૂલ-જાનુશૂલ-જંઘાશૂલ-હસ્તશૂલ-પાદશૂલ-વાયુશૂલ-રતનશૂલ-સર્વશૂલાન્ નિર્મૂલય દાનવ-દૈત્ય-કામિની-વેતાલ-બ્રહ્મરાક્ષસ-હલાહલ-અનન્ત-વાસુકિ-કર્કોટક-કાલિક-સ્થલ-રોગ-જલરોગ-નાગપાશ-વિષં નિર્વિષં (કરોતિ).

આ સુદર્શન મહામંત્ર જય મંગળ લાવી આપે છે, તમામ દુઃખો જેવાં કે અંગના દર્દો, આંખના દર્દો, પેટનાં દર્દો, હરસ, કમરનું દુઃખ, આંખ દુખવી, સાથળનું દુખવું, હાથ દુખવા, પગ દુખવા, વાયુથી થતાં શૂળ, છાતીનું શૂળ, વગેરે સર્વ શૂળોને નિર્મૂળ

કરી દાનવદૈત્ય, કામણ-દૂમણ-મંત્ર-તંત્ર, વૈતાળ, બ્રહ્મરાક્ષસ, હલાહલ ઝેર તથા અનંત, વાસુકિ, તક્ષક, કર્કોટક, કાલિયનાગ, એ પાંચે કુળોના નાગના તથા સ્થલરોગ, જલરોગ, નાગપાશ, કાળપાશ વગેરેના ઝેરને નિર્મૂલ કરે છે.

કૃષ્ણ ત્વામહં શરણાગતઃ ।

વૈષ્ણવાર્થં કૃતં યન્ત્રં શ્રીવલ્લભનિરૂપિતમ્.

ઈતિ શ્રીવલ્લભાચાર્યકૃતં સુદર્શનકવચં સંપૂર્ણમ્.

એવા કૃષ્ણપ્રભુ, હું આપને શરણે આવ્યો છું આ સુદર્શન કવચ વૈષ્ણવ જનોના હિતને માટે શ્રી વલ્લભાચાર્યે બનાવેલું છે. એ પ્રમાણે શ્રી વલ્લભાચાર્યે રચેલું સુદર્શન કવચ સંપૂર્ણ થયું.

(આ સુદર્શન કવચનો જે પાઠ ન કરી શકે તેઓને આ સત્તર શ્લોકોનું કવચ લખીને શ્રદ્ધાથી માદળિયામાં નાખી પહેરાવવાથી એમનાં સર્વ સંકટો પ્રભુ દૂર કરે છે. તેમ જ કવચનો પાઠ કરી બાળકોને માથે હાથે ફેરવવાથી એમનાં તમામ જાતનાં કષ્ટો દૂર થાય છે.)

નારાયણ કવચ

પરીક્ષિત રાજા પૂછે છે - હે મુનિ, જે કવચ વડે રક્ષાયેલા ઈન્દ્રે વાહનો સહિત શત્રુના યોદ્ધાઓ જાણે રમતા હોય તેમ હરાવીને ત્રણ લોકની લક્ષ્મીને ભોગવી હતી. ૧

તે નારાયણ નામનું કવચ મને કહો. જે કવચથી રક્ષાયેલા ઈન્દ્રે જે પ્રમાણે આતતાયી શત્રુઓને રણમાં હરાવ્યા હતા.

શ્રી શુકદેવજી કહે છે - હે રાજા, વિશ્વરૂપ કે જે ઈન્દ્રનો પુરોહિત થયો હતો, તેણે ઈન્દ્રને જે નારાયણ કવચ કહ્યું હતું, તે તને કહું છું તે તું એક ચિત્ત થઈ શ્રવણ કર. ૩

વિશ્વરૂપ કહે છે - કોઈ ભયનો સમય પાસે આવ્યો હોય ત્યાં મનુષ્યે હાથ પગ ધોઈ, આચમન કરી પવિત્રી ધારણ કરી, ઉત્તર દિશા તરફ મુખ રાખીને

અષ્ટાક્ષર તથા દ્વાદશાક્ષર મંત્રથી અંગન્યાસ કરી વાણી નિયમમાં રાખી પવિત્રતાથી નારાયણ કવચને ધારણ કરવું (પાઠ કરવો) ૐ નમો નારાયણ અષ્ટાક્ષર મંત્રનો ઓંકારાદિક અક્ષરોનો અનુક્રમે બે પગ, બે ગોઠણ, બે સાથળ, પેટ, હૃદય, વક્ષસ્થળ મુખ તથા મસ્તક એમ આઠ અંગમાં અક્ષરના અનુક્રમે ન્યાસ કરવો અથવા તો અવળા અનુક્રમથી એટલેયથી માંડીને એક એક અક્ષરનો, મસ્તકાદિ અંગોમાં ન્યાસ કરવો. ૪-૫-૬

ત્યાર પછી ૐ **नमो भगवते वासुदेवाय** એ દ્વાદશાક્ષર મંત્ર વડે આંગળીઓની તથા અંગૂઠામાં પર્વોમાંન્યાસ કરવો, તેનો ક્રમ એવો છે કે મંત્રના પ્રત્યેક અક્ષરને ઓંકારથી સંપુટ કરીને જમણા હાથની તર્જની લઈને ડાબા હાથની તર્જની સુધી આઠ આંગળીઓમાં આઠ અક્ષરનો ન્યાસ કરવો અને બે અંગૂઠાના ઉપરના બે પર્વમાં બાકીના ચાર અક્ષરનો ન્યાસ કરવો. ૭

ત્યારપછી ૐ **विष्णवे नमः** એ મંત્રથી અંગન્યાસ કરવો તેમાં ઓંકારનો હૃદયમાં, વિકારનો મસ્તકમાં, ષકારનો ભ્રકુટીની વચ્ચે, મકારનો શિખામાં, વેકારનો નેત્રોમાં, નકારનો સર્વસંબંધીઓમાં ન્યાસ કરવો અને મકારનો મઃ અસ્ત્રાય ફટ એમ કહી સર્વ દિશામાં ન્યાસ કરવો એટલે દિગ્બંધન કરવું. આ પ્રમાણે મંત્રવેત્તાઓએ મંત્રમૂર્તિ (મંત્રરૂપ) થવું. ૮-૯-૧૦

પછી ધ્યાન કરવા યોગ્ય ઐશ્વર્યાદિ છ શક્તિઓ વાળા અને વિદ્યા, તેજ તથા તપ સ્વરૂપ એવા પરમાત્માનું ધ્યાન કરીને નીચે પ્રમાણે નારાયણ કવચનો પાઠ કરવો. ૧૧

ૐ ગરુડજીની પીઠ ઉપર ચરણકમલને ધારણ કરનાર, આઠ સિદ્ધિઓવાળા, આઠ બાહુવાળા અને શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ્ય તથા પાશને ધારણ કરનારા શ્રીહરિ મારી સર્વ પ્રકારે રક્ષા કરો. ૧૨

જળમાં મત્સ્યવતારી ભગવાન જળ જંતુ રૂપ વરુણના પાશથી મારી રક્ષા કરો. માયા વડે બટુક બનેલા વામનજી સ્થળમાં મારી રક્ષા કરો; આંખો વિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો. ૧૩

અસુરના અધિપતિઓના શત્રુ નૃસિંહ ભગવાન સંકટ કારણ વગડાઓમાં તથા સંગ્રામ વગેરેમાં મારી રક્ષા કરો કે જે નૃસિંહ ખડખડાટ હસ્યા હતા ત્યારે તેના શબ્દથી દસે દિશાઓ ગાજી ઉઠી હતી અને અસુરોની ગર્ભિણી સ્ત્રીઓના ગર્ભો પડી ગયા હતા. ૧૪

પોતાની દાઢ વડે પાતાલમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરનારા ભગવાન યજ્ઞનારાયણ વરાહજી માર્ગમાં મારી રક્ષા કરો, પર્વતોના શિખરો ઉપર મારી રક્ષા કરો, ભરતજીના મોટા ભાઈ રામચંદ્ર તથા લક્ષ્મણ પ્રવાસમાં અમારી રક્ષા કરો. ૧૫

અભિચારી વિગેરે સર્વ ઉગ્ર ધર્મથી તથા કોઈ પ્રમાદથી નારાયણ ભગવાન મારી રક્ષા કરો, નરરૂપી ભગવાન ગર્વથી મારી રક્ષા કરો, યોગેશ્વર દત્તાત્રય યોગભ્રંશથી મારી રક્ષા કરો, કપિલદેવજી કર્મના બંધનથી મારી રક્ષા કરો. ૧૬

સનત્કુમાર કામદેવથી મારી રક્ષા કરો. રસ્તામાં જતા દેવતાઓને પ્રણામ ન કરવારૂપ અપરાધ થાય તે અપરાધમાંથી હયગ્રીવ ભગવાન મારી રક્ષા કરો. દેવર્ષિઓમાં વડામુનિ નારદ, ભગવાનની પૂજામાં જે કાંઈ વિઘ્ન નડે તેમાંથી મારી રક્ષા કરો અને કચ્છપ અવતારી શ્રીહરિ સર્વ પ્રકારના નરકમાંથી મારી રક્ષા કરો. ૧૭

ભગવાન ધન્વંતરી, કુપથ્યમાંથી મારી રક્ષા કરો. જિતેંદ્રિય ભગવાન ઋષભદેવ કામ ક્રોધાદિકના ભયમાંથી મારી રક્ષા કરો, મનુષ્ય તરફથી થનારા ઉપદ્રવોમાં બલભદ્ર મારી રક્ષા કરો અને શેષનાગના ક્રોધથી મારી રક્ષા કરો. ૧૮

ભગવાન વેદવ્યાસ અજ્ઞાનથી મારી રક્ષા કરો. ભગવાન

બુધાવતાર પાખંડીઓથી મારી રક્ષા કરો. ધર્મના રક્ષણને માટે અવતાર લેનાર કલ્કિ ભગવાન કાનના મેલ-રૂપ કલિયુગમાંથી મારી રક્ષા કરો. ૧૯

કેશવ ભગવાન પ્રભાતમાં ગદા વડે મારી રક્ષા કરો. બંસી ધારણ કરનાર ગોવિંદ ભગવાન સંગવકાલ એટલે પ્રાતઃકાલથી છ ઘટિકા સુધીના કાળમાં મારી રક્ષા કરો. સાંગને ધારણ કરનાર નારાયણ ભગવાન પૂર્વાહ્ન કાળમાં મારી રક્ષા કરો, ચક્ર ધારણ કરનાર વિષ્ણુ ભગવાન મધ્ય કાળમાં મારી રક્ષા કરો. ૨૦

ઉગ્ર ધનુષ્યધારી મધુદૈત્યને મારનાર ભગવાન અપરાહ્ણ કાળમાં મારી રક્ષા કરો, બ્રહ્મા વિષ્ણુ તથા રુદ્ર એ ત્રણ મૂર્તિવાળા માધવ ભગવાન સાયંકાળમાં મારી રક્ષા કરો. પદ્મનાભ ભગવાન અર્ધ રાત્રિ સુધી મારી રક્ષા કરો. ૨૧

શ્રીવત્સનું જેને ચિહ્ન છે એવા ભગવાન પાછલી રાત્રે મારી રક્ષા કરો. તલવારધારી ભગવાન જનાર્દન પરોઢીએ મારી રક્ષા કરો. દામોદર ભગવાન પ્રભાતમાં મારી રક્ષા કરો. કાળમૂર્તિ ભગવાન વિશ્વેશ્વર પ્રભાતમાં મારી રક્ષા કરો. ૨૨

ભગવાને મૂકેલું પ્રલયકાળના અગ્નિ જેવી તીક્ષ્ણ ધારવાળું, ચારેકોર ફરતું ચક્ર વાયુનો મિત્ર અગ્નિ જેમ તૃણકાષ્ટને બાળી નાખે તેમ અમારા શત્રુઓનાં સૈન્યને તરત બાળી નાખો. ૨૩

હે વજ્ર જેવા તીક્ષ્ણ સ્પર્શવાળી તણખાઓથી ભરેલી ગદા ! તું ભગવાનને વહાલી છે. તું કુષ્માંડ, વૈતાયક, યક્ષ, રાક્ષસ, ભૂત તથા ગ્રહોને ભાંગીને ભૂકો કરી નાંખ તથા શત્રુઓના ચૂરેચૂરા કરી નાખ. ૨૪

હે પાંચજન્ય શંખ! શ્રીકૃષ્ણ ભગવાને ફુંકવાથી મહા ભયંકર શબ્દ કરનારો તું ભયંકર શબ્દોથી શત્રુઓના હૃદયોને કંપાવીને રાક્ષસો, પ્રમથો, પ્રેતગણ, માતૃગણ, પિશાચ, બ્રહ્મરાક્ષસ તથા બીજા ઘોર દૃષ્ટિવાળાઓને નસાડી મૂક. ૨૫

હે તીખી ધારવાળી તલવાર, તું ભગવાનના હાથથી પ્રેરાઈને મારા શત્રુઓના સૈન્યને કાપી નાંખ. હે ચંદ્રના જેવી સો ફૂદડીવાળી ઢાલ, તું પાપી શત્રુઓની આંખોને ઢાંકી દે. તથા પાપી નજરવાળાઓની પાપી દૃષ્ટિને હરી લે. ૨૬

અમને ગ્રહોથી, કેતુઓથી, મનુષ્યોથી, સર્પોથી, દાઢવાળા પશુઓથી જે ભય થાય છે તે સર્વ તથા જેઓ અમારા સુખાં વિઘ્ન કરનારા છે તે સર્વ ભગવાનના નામરૂપી અસ્ત્રના કીર્તનથી તુરત જ ક્ષય પામો. ૨૭-૨૮

વૈદિક સ્તોત્રોથી સ્તુતિ કરતા વેદમય અને સમર્થ ગરુડ ભગવાન સઘળાં કષ્ટોથી અમારી રક્ષા કરજો. વિશ્વકસેન ભગવાન પોતાના નામ વડે મારી રક્ષા કરજો ૨૯

શ્રીહરિના નામરૂપ તથા નાના પ્રકારના આયુધો સર્વ આપત્તિઓમાંથી મારી રક્ષા કરો. ૩૦

આ સાકાર નિરાકાર જે કાંઈ જગત છે તે ખરેખર

ભગવાનનું જ સ્વરૂપ છે તો એ સત્યથી અમારા ઉપદ્રવો નાશ પામો. ૩૧

ભગવાન પોતે અભેદ દૃષ્ટિવાળા મનુષ્યોને ભેદ રહિત જ જોવામાં આવે છે તો પણ તે પોતાની માયા વડે આભૂષણો, આયુધો તથા ચિહ્ન નામની શક્તિઓને ધારણ કરે છે. ૩૨

તે સત્ય વાર્તા છે, તે સત્ય પ્રમાણ વડે જ સર્વજ્ઞ, તથા સર્વવ્યાપક ભગવાન શ્રીહરિ સર્વ પ્રકારનાં રૂપો વડે સર્વ ઠેકાણે સર્વદા મારી રક્ષા કરો. ૩૩

નૃસિંહના નામની ગર્જનાથી લોકોના ભયનો નાશ કરનારા તથા પોતાના પ્રભાવી દિગ્ગજ, ઝેર, શસ્ત્ર, પાણી, વાયુ, અગ્નિ વગેરેનાં પ્રભાવને ગળી જનાર ભગવાન દિશાઓમાં, ખૂણાઓમાં, ઊંચે, નીચે, અંદર, બહાર તતા ચોતરફથી મારી રક્ષા કરો. ૩૪

વિશ્વરૂપ કહે છે – હે ઈંદ્ર, આ નારાયણ કવચ તમારી આગળ કહ્યું જે ધારણ (પાઠ) કરવાથી તમે

શ્રમવિના અસુરોના અધિપતિઓને જીતી લેશો. ૩૫

આ નારાયણ કવચને ધારણ કરનાર મનુષ્ય જેની સામે આંખથી જુએ અથવા તો જેને જેને પગ અડાડે તે ભયમાંથી મુક્ત થાય છે. ૩૬

આ નારાયણ કવચની વિદ્યાને ભણનારા પુરુષને કોઈ દિવસ ચોર, વ્યાધ, ગ્રહો આદિ તથા રાજાઓ તરફથી અથવા બીજા કોઈના તરફથી પણ કશો ભય થતો નથી. ૩૭

પૂર્વે કોઈ એક કૌશિક ગોત્રના બ્રાહ્મણે આ વિદ્યા સિદ્ધ કરી હતી અને તેને યોગધારણથી નિર્જળ દેશમાં (મારવાડમાં) પોતાના દેહનો ત્યાગ કર્યો હતો. ૩૮

એક વખતે ગંધર્વનો રાજા ચિત્રરથ સ્ત્રીઓથી વીંટાઈ વિમાનમાં બેસીને આકાશમાર્ગે ફરતો ફરતો જ્યાં આગળ પેલા બ્રાહ્મણે દેહ ત્યાગ કર્યો હતો તે સ્થાન ઉપર જેવો આવ્યો કે તરત જ વિમાન સાથે ઊંધે માથે નીચે પડ્યો. ત્યાર પછી તેને વાલખિલ્ય

ઋષિએ તે બ્રાહ્મણની વાત કહી, તે ઉપરથી તેણે તે બ્રાહ્મણનાં અસ્થિ (હાડકાં) ઓને લઈ પ્રાચીન સરસ્વતીમાં નાંખી ત્યાં સ્નાન કરી આશ્ચર્ય પામી પોતાના લોકમાં ગયો. ૩૯ - ૪૦

: શુક ઉવાચ :

શ્રી શુકદેવજી કહે છે – હે રાજા, જે માણસ આદર સાથે આ નારાયણ કવચને યોગ્ય સમયે સાંભળે અથવા તો પાઠ કરે છે તેને પ્રાણીઓ નમે છે અને તે સર્વ ભયમાંથી મુક્ત થાય છે. ૪૧

આ નારાયણ કવચ ઈંદ્રવિશ્વરૂપ પાસેથી ભણીને રણમાં અસુરોને જીતી લઈને ત્રણે લોકની રાજલક્ષ્મી ભોગવી હતી. ૪૨

ઈતિ શ્રી મહાપુરાણ ભાગવતના ષષ્ટ સ્કંધમાં કહેલો નારાયણ કવચ નામનો આઠમો અધ્યાય સંપૂર્ણ.

* * *

શ્રી ગજેન્દ્ર મોક્ષ

(અષ્ટમ સ્કન્ધ – અધ્યાય ૨ અને ૩)

ગજેન્દ્ર હાથણીઓ સાથે ક્રીડા કરતો જળ પીવા તળાવમાં આવે છે ત્યાં દૈવયોગે ઝૂડ એના પગને પકડે છે ત્યારે ગજેન્દ્ર ભગવાનને યાદ કરે છે. એમાં ભગવાનની માયાવડે મોહિત તે બિચારાને આવી પડનાર દુઃખનો ખ્યાલ સુદ્ધાં ન આવ્યો.

હાથી હાથણીઓને જળ સિંચન કરતો હતો એટલામાં પ્રારબ્ધે પ્રેરેલો ઝુડ નામનો મહા બળવાન જળચર પ્રાણી જળમાં રહેલો હતો તેણે પાણીને ડોળતા હાથીની ઉપર કોપ કર્યો અને એને પગમાંથી અકસ્માત આવી પડેલી આફતમાંથી ઊગરવા બળવાન ગજેન્દ્રે ખૂબ પ્રયત્ન કર્યો પરન્તુ છોડાવી શક્યો નહિ. એમ કરતાં – કરતાં એક હજાર વર્ષ થઈ ગયાં. તેથી ગેજન્દ્રના મનનુ, શરીરનું અને ઈન્દ્રિયોનું બળ ક્ષીણ થયું અને ગ્રાહ તો જલચર હોવાથી એ ગજેન્દ્રને જળમાં વધારે જોરથી ખેંચવા લાગ્યો.

એ સર્વનો ઈશ્વર છે. બળવાન કાળરૂપી સર્પ જે સર્વની પાછળ અત્યન્ત વેગથી દોડે છે તેના ભયથી જેઓ ઈશ્વરને શરણે આવે છે તેને એ છોડાવે છે. કાળરૂપી મૃત્યુ પણ જેનાથી ભય પામે છે તેવા ઈશ્વરને રક્ષક જાણી એને શરણે જઈએ.

(અધ્યાય ૩ – અષ્ટમ સ્કન્ધ)

ગજેન્દ્રે સ્તુતિ કરી ત્યારે પ્રભુએ એનો અને ગ્રાહનો કરેલો ઉદ્ધાર

વિશેષ : ગજેન્દ્રની સતુતિ સાંભળી ભગવાન ત્યાં પધાર્યા અને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો તથા ગ્રાહનો દેવલ મુનિના શાપથી ઉદ્ધાર કર્યો એ વાત આ ત્રીજા અધ્યાયમાં આવશે.

શ્રીશુકદેવજી બોલ્યા : એ પ્રમાણે ગજેન્દ્રે બુદ્ધિથી નિશ્ચય કરીને મનને હૃદયમાં સ્થિર કર્યું અને પૂર્વ જન્મમાં શીખેલ શ્રેષ્ઠ સ્તોત્રના જપ દ્વારા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો. ।।૧।।

ગજેન્દ્ર બોલ્યો : આ જગત્ જેનાવડે

ચેતનાત્મક થાય છે તે ભગવાનને હું નામું છું. એ જ પુરુષરૂપ છે. બીજરૂપ છે અને પરેશ છે; એ ભગવાનનું અમે ધ્યાન કરીએ છીએ ।।૨।।

જેમાં આ જગત્ રહે છે, જેનાથી આ જગત્ થાય છે, જે કારણવડે આ થાય છે અને જે રૂપ આ બધું છે, જે આ અને બીજાથી જુદાં છે તે સ્વતન્ત્ર ભગવાનને હું શરણે જાઉં છું ।।૩।।

જે પોતાની ઈચ્છાશક્તિવડે ક્વચિત નામરૂપે પ્રકટ થતું તો ક્વચિત્ નામરૂપના ભેદ વગર સ્વરૂપમાં રહેતું તેવા કાર્ય કારણાત્મક જગતને જે નિત્યજ્ઞાનવડે સાક્ષીરૂપે જુએ છે. તે બધાનું મૂલ છે અને પોતાનું મૂલ પણ તે જ છે. કોઈ બીજું તેમનું મૂલ નથી. તે જ સમસ્ત કાર્ય અને કારણ થી અતીત પ્રભુ મારી રક્ષા કરે ।।૪।।

બધા લોક એના પાલકો અને એ લોકના કારણરૂપ ભૂતો કાળે કરીને નાથ પામે છે ત્યારે કેવળ ગહન અને ગમ્ભીર અન્ધકાર રહે છે. એ અન્ધકારથી પણ પર બિરાજનાર સમર્થ ભગવાન્ માર રક્ષક હો ।।૫।।

જેની લીલાઓના રહસ્યને દેવો કે ઋષિઓ પણ જાણતા નથી તો જીવ તો એની પાસે જવાને કે તેનું વર્ણન કરવાને કેમ લાયક થઈ શકે? જેમ નવા વેશ કરનાર નટને કોઈ જાણી શકતું નથી તેમ જેનું દુઃખે કરીને પણ ન જણાય તેવું ચરિત્ર છે તે મારું રક્ષણ કરો ।।૬।।

જમેના પરમ મઙ્ગલમય સ્વરૂપનાં દર્શન કરવા માટે મહાત્મા લોકો સંસારની સમસ્ત આસક્તિઓનો પરિત્યાગ કરી દે છે અને વનમાં જઈને અખણ્ડ બ્રહ્મચર્ય વગેરે અલૌકિક વ્રતોનું પાલન કરે છે તથા પોતાના આત્માને બધાના હૃદયમાં બિરાજમાન્ જોઈને સ્વાભાવિક રીતે જ બધાનું હિત કરે છે તે જ મુનિઓના સર્વસ્વ ભગવાન મારા સહાયક છે તે જ મારી ગતિ છે ।।૭।।

જેને જન્મ કે કર્મ નથી, નામ કે રૂપ નથી, ગુણ કે દોષ નથી, છતાં એ લોકની સૃષ્ટિ અને સંહાર કરવા માટે નામ - રૂપ, જન્મ - કર્મ અને ગુણ - દોષ પોતાની માયા શક્તિવડે સમયને અનુસરીને સ્વીકારે છે ।।૮।।

એ અનન્ત શક્તિવાળા પરમેશ્વર રૂપરહિત છે,

બહુ રૂપવાળા છે એમનાં કર્મ અત્યંન્ત આશ્ચર્યમય છે એમને મારા નમસ્કાર હો ।।૯।।

આત્મપ્રકાશરૂપ, સાક્ષીરૂપ, પરમાત્મરૂપ અને વાણી, મન અને વાણી, મન અને ચિત્ત થી સુદૂર એવા પ્રભુને મારા નમસ્કાર હો ।।૧૦।।

વિવેકી પુરુષ કર્મ - સન્યાસ અથવા કર્મ - સમર્પણ દ્વારા પોતાનું અન્તઃકરણ શુધ્ધ કરીને જેમને પ્રાપ્ત કરે છે તથા જે સ્વયં તો નિત્ય મુક્ત, પરમાનન્દ અને જ્ઞાન સ્વરૂપ છે જ પણ બીજાને કૈવલ્ય મુક્તિ દેવાનું સામર્થ્ય પણ કેવલ એમનામાં જ છે એવા પ્રભુને હું નમસ્કાર કરું છું ।।૧૧।।

જે સત્ત્વ, રજ, તમ આ ત્રણ ગુણોનો ધર્મ સ્વીકાર કરી ક્રમશઃ શાન્ત, ઘોર અને મૂઢ અવસ્થા પણ ધારણ કરે છે એ ભેદ રહિત, સમભાવથી સ્થિત, જ્ઞાનઘન પ્રભુને મારા નમસ્કાર હો ।।૧૨।।

હે પ્રભુ! આપ ક્ષેત્રજ્ઞ છો, સર્વના અધ્યક્ષ છો, સાક્ષી છો, પુરુષ અને જીવના પણ મૂળરૂપ છો, મૂળ પ્રકૃતિરૂપ પણ છો તેવા આપને મારાં નમન હો ।।૧૩।।

આપ સર્વ ઈન્દ્રિય ગુણના દૃષ્ટા છો, સમસ્ત પ્રતીતિના આધાર છો, અસત્ અહકારાદિવડે છાયારૂપે દેખાઓ છો અને સત્પદાર્થના આભાસરૂપે દેખાઓ છો તેવા આપને મારા નમસ્કાર હો ।।૧૪।।

આપ બધાનું મૂલ કારણ છો, આપનું કારણ કોઈ નથી. અને આપ કારણ સ્વરૂપ હોવા છતાં આપમાં વિકાર યા પરિણામ થતું નથી તેથી આપ અનોખું કારણ છો, જેમ બધા નદી-ઝરણાં આદિનો પરમ આશ્રય સમુદ્ર છે તેમજ આપ સમસ્ત વેદ અને શાસ્ત્રોનું પરમ તાત્પર્ય છો. આપ મોક્ષસ્વરૂપ છો અને સમસ્ત ભક્ત આપનું જ શરણ સ્વીકારે છે. તેથી આપને હું નમસ્કાર કરું છું ।।૧૫।।

જેમ યજ્ઞના કાષ્ઠ અરણિમાં અગ્નિ ગુપ્ત રહે છે તેમજ આપે આપના જ્ઞાનને ગુણોની માયાથી ઢાંકી રાખ્યું છે. ગુણોમાં ક્ષોભ થતાં એ દ્વારા વિવિધ પ્રકારની સૃષ્ટિ રચવાનો આપ સકલ્પ કરો છો. જે લોકો કર્મ - સન્યાસ અથવા કર્મ - સમર્પણ દ્વારા આત્મતત્ત્વની ભાવના કરી વેદશાસ્ત્રોથી પર થઈ જાય છે એમના આત્માના રૂપમાં આપ સ્વયં જ પ્રકાશિત થઈ જાઓ

છો. આપને હું નમસ્કાર કરું છું ।।૧૬।।

જેમ કોઈ દયાળુ પુરુષ જાળમાં સપડાયેલા પશુની જાળ કાપી નાખે તેવી જે રીતે આપ મારા જેવા શરણાગતોની ફાંસી કાપી નાખો છો. આપ નિત્ય મુક્ત છો, અત્યન્ત કરુણામય છો અને ભક્તોનું કલ્યાણ કરવામાં આપ ક્યારેય આળસ કરતા નથી. બધાં પ્રાણીઓના હૃદયમાં પોતાના અંશદ્વારા અન્તરાત્માના રૂપમાં આપ પ્રાપ્ત થતા રહો છો. આપ સર્વ ઐશ્વર્યોથી પૂર્ણ અને અનન્ત છો. આપને હું નમસ્કાર કરું છું ।।૧૭।।

દેહ, પુત્ર, ગુરુજન, ગૃહ, ધન, સ્વજન વગેરેમાં જેઓ આસક્ત છે તેમને એ ભગવાનની પ્રાપ્તિ અત્યન્ત કઠિન છે. કારણ કે તે પોતે તો ગુણોની આસક્તિથી રહિત છે. જીવનમુક્ત પુરુષો અને પોતાના હૃદયમાં ભાવનાથી ધારણ કરી શકે છે; તેવા જ્ઞાનરૂપ ઈશ્વરને મારા નમસ્કાર હો ।।૧૮।।

ચતુર્વર્ગની ઈચ્છાવાળા એમનું ભજન કરી ઈચ્છિત ગતિ મેળવી શકે છે એટલું જ નહિ પણ એ ભજનાર ભક્તિવડે નિત્ય દેહને પણ પ્રાપ્ત કરે છે. વળી

અન્ય ઈચ્છિત પદાર્થો પણ ભગવાન્ એને આપે છે તેવા અત્યન્ત દયાળુ મારો મોક્ષ કરો ।।૧૯।।

ભગવાનને શરણે જઈ જેઓ એક એને જ ભજનારા છે તેઓ ભગવાન પાસેથી કાંઈ પણ લેવાની ઈચ્છા કરતા નથી, પરન્તુ એમના અતિ અદ્‌ભુત ચરિત્રનું ગાન કરતા આનન્દ સમુદ્રમાં મગ્ન રહે છે; તેવા ભગવાનની હું સ્તુતિ કરું છું ।।૨૦।।

એ જ અક્ષર બ્રહ્મરૂપ તેમજ પર બ્રહ્મરૂપ છે. એ સ્પષ્ટ જણાતા નથી છતાં માણસ આધ્યાત્મિક યોગવડે એમની પાસે જઈ શકે છે. એ ઈન્દ્રિયની વૃત્તિથી ગ્રહણ થઈ શકતા નથી, અતિસૂક્ષ્મ છતાં પરિપૂર્ણ છે, આદિ અને અન્ત રહિત છે તેવા ભગવાનની હું સ્તુતિ કરું છું ।।૨૧।।

એમની તુચ્છ કલાથી અનેક નામ અને રૂપ ના ભેદભાવથી યુક્ત બ્રહ્માદિ દેવ, વેદ અને સ્થાવર જઙ્ગમ લોકો ઉત્પન્ન થયા છે ।।૨૨।।

જેમ અગ્નિમાંથી જવાળા નીકળે અને એમાં સમાય, જેમ સૂર્યમાંથી કિરણો બહાર પડે અને એમાં જ

લય પામે તેમ બુદ્ધિ, મન, ઈન્દ્રિય અને દેહ આદિનો પ્રવાહ ભગવાન્‌માંથી પેદા થાય છે અને ભગવાન્‌માં જ પાછો સમાપ્ત થાય છે તે ભગવાન્ સર્વોત્કર્ષવડે શોભો ।।૨૩।।

જે ભગવાન દેવ, અસુર, મનુષ્ય, પશુ, સ્ત્રી, નપુંસક, પુરુષ, જીવ વગેરે નથી, જે ગુણ કે કર્મ નથી, જે સત્ કે અસત્ નથી; બધું નિષેધ કરતાં જે રહે તે એ પોતે છે. એ જ સર્વનો આશ્રય છે. તે ભગવાન્‌નો જય હો ।।૨૪।।

હું ગ્રાહથી મુકત થઈને જીવવાની ઈચ્છા કરતો નથી; અન્દર અને બહારથી અજ્ઞાનવડે આચ્છાદિત આ હાથીના શરીરથી મારે શું કરવાનું છે? પરન્તુ કાળે કરીને પણ જેનો નાશ નથી તેવા આત્માને ઢાંકનાર આવરણથી છૂટવાની ઈચ્છા કરું છું ।।૨૫।।

વિપત્તિના વાદળમાં ઘેરાયેલો હું એ પરબ્રહ્મ પરમાત્માને શરણે છું જે વિશ્વરહિત હોવા છતાં વિશ્વના ઘડનારા અને વિશ્વરૂપ છે. સાથે - સાથે જે વિશ્વના અન્તરાત્માના રૂપમાં વિશ્વરૂપ સામગ્રીની સાથે ક્રીડા પણ કરતા રહે છે. એ અજન્મા પરમપદ સ્વરૂપ બ્રહ્મને હું

નમસ્કાર કરું છું ।।૨૬।।

જેણે યોગવડે કર્મનો પરિપાક કર્યો હોય, જે યોગવડે યોગીઓ પોતાના હૃદયમાં ભાવનાથી જેને જોઈ શકે છે તેવા યોગીના નિયન્તાને હું નમું છું ।।૨૭।।

અસહ્ય જેનો વેગ છે તેવી ત્રણ શક્તિઓ વિશિષ્ટ બુદ્ધિના બધા ગુણયુક્ત, શરણાગતરક્ષક, અચિંત્ય શક્તિવાળા, ક્ષુદ્ર ઈંદ્રિયસુખ માગનારને અગમ્ય તેવા ભગવાનને હું અનેકવાર નમું છું ।।૨૮।।

એમની માયાશક્તિવડે અહંકાર થતાં માણસ સર્વમાં વ્યાપી રહેલા પોતાના આત્માને જોઈ શકતો નથી જેનું એવું અનન્ત મહાત્મ્ય છે તેવા ભગવાન્‌ને હું શરણે જાઉં છું ।।૨૯।।

શ્રીશુકદેવજી બોલ્યા : એવી રીતે ગજેન્દ્રે કોઈના વિશેષ નામ વગરનું ભગવાનનું વર્ણન કર્યું ત્યારે બ્રહ્મા આદિ દેવો નાના પ્રકારના રજસ આદિ ભાવના અભિમાનવાળા હોવાથી ત્યાં ગયા નહિ પણ હરિ ભગવાન્ સર્વાત્મા અને સર્વ દેવસ્વરૂપ હોવાથી ત્યાં પ્રકટ થઈ ગયા ।।૩૦।।

જગતના આધારરૂપ ભગવાને ગજેન્દ્રને અત્યન્ત પીડાતો જોયો એણે કરેલી સ્તુતિ સાંભળી અને પછી વેદમય ગરુડ ઉપર બિરાજેલા અને દેવતાઓ જેમની સ્તુતિ કરતા હતા તેવા ચક્રધારી ભગવાન્ જ્યાં ગજેન્દ્ર હતો ત્યાં જલદી આવી પહોંચ્યા ।।૩૧।।

હાથીને તો મહા બળવાન ઝૂડે પાણીમાં પકડી રાખ્યો હતો તેથી એ અત્યન્ત દુઃખી હતો. એણે હાથમાં ચક્ર ધારણ કરેલા હરિ ભગવાન્‌ને ગરુડ ઉપર બિરાજેલા જોયા એટલે પોતાની સૂંઢમાં એક કમળ લઈ એણે ઉપર ઉઠાવ્યું અને દીન આર્તિ પૂર્વક બોલ્યો “નારાયણ! અખિલગુરો! ભગવાન્ આપને હું નમું છું” ।।૩૨।।

અજન્મા ભગવાને એને દુઃખી જોઈને કૃપા કરી તળાવમાંથી ગ્રાહ સાથે ગજેન્દ્રને બહાર ખેંચી કાઢ્યો અને ચક્રવડે દેવોના દેખતાં ગ્રાહના મોઢાને ચીરીને હાથીને ગ્રાહથી છૂટો કર્યો ।।૩૩।।

ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં “ગજેન્દ્રે સ્તુતિ કરી ત્યારે પ્રભુએ એનો અને ગ્રાહનો કરેલો ઉદ્ધાર”

* * *